Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

ધ ર્મ નું મૂ ળ સ મ્ય ગ્દ ર્શ ન

# આત્મધર્મ


પ્રથમ અષાઢ
૨૦૦૬

: સંપાદક :
રામજી માણેકચંદ દોશી
વકીલ

વર્ષઃ સાતમું
અંક નવમો


## સત્પુરુષોના વચનામૃત

'અનંતકાળ થયાં જીવને પરિભ્રમણ કરતાં છતાં તેની નિવૃત્તિ કેમ થતી નથી?' અને 'તે શું કરવાથી થાય?'

–એ વાકયમાં અનેક અર્થ સમાયેલા છે. તેને વિચાર્યા વિના કે દૃઢ વિશ્વાસથી ઝુર્યા વિના માર્ગના અંશનું અલ્પભાન થતું નથી. બીજા બધા વિકલ્પો દૂર કરી આ એક ઉપર લખેલું સત્પુરુષોનું વચનામૃત વારંવાર વિચારી લેશો.

શ્રીમદ્ રાજચંદ્ર


છૂટક નકલ
ચાર આના

શાશ્વત સુખનો માર્ગ ૮૧ દર્શાવતું માસિક

વાર્ષિક લવાજમ
ત્રણ રૂપિયા

અનેકાન્ત મુદ્રણાલય : મોટા આંકડિયા : કાઠિયાવાડ

# સાચું જ્ઞાન કેમ થાય ?

જે સાચું જ્ઞાન થતાં આળસ વગેરે સમસ્ત દોષો દૂર થાય છે તે સાચું જ્ઞાન કેમ થાય? –તો કહે છે કે, સત્શાસ્ત્રનો શ્રવણ, ધારણ, વિચારણા અને અનુપ્રેક્ષા પૂર્વક અભ્યાસ જોઇએ. સત્શાસ્ત્ર સાંભળવા સાથે ધારણા જોઇએ. જુઓ! જીવોને સાચું સુખ જોઇએ છે, તે સુખ સર્વ કર્મના નાશથી પ્રગટે છે, કર્મનો નાશ ચારિત્રથી થાય છે, ચારિત્ર સમ્યગ્દર્શન–જ્ઞાનથી થાય છે, અને સમ્યગ્દર્શન–જ્ઞાન સત્શાસ્ત્રોના શ્રવણ–ધારણથી થાય છે.

આમાં તો શું કહે છે તે ધારી લેવાની વાત છે. 'સવારે સમયસારમાં શું વાત ચાલી હતી' એમ પૂછતાં કોઇ કહે કે યાદ નથી,–તો એવું ધારણા વગરનું શ્રવણ ન ચાલે. જગતમાં કોઇ પાસે લેણું હોય તો બરાબર યાદ રાખે, તે માણસને દેખતાં જ યાદ આવે કે આની પાસે આટલું લેણું છે; જેમ ત્યાં ધારણા કરી છે તેમ સત્શાસ્ત્રને પણ યથાર્થપણે પાત્ર જીવ ધારણ કરી લ્યે, અને ધારણ કર્યા પછી પણ તેની વિચારણા જોઈએ. પછી આમ્નાય જોઇએ એટલે વારંવાર તે વાતને ફેરવ્યા કરે કે 'આત્મા શુદ્ધ, આત્મા જ્ઞાનસ્વરૂપ, આત્મા આવો, તેના ગુણ આવા, તેની સ્પષ્ટ નિર્મળ જ્યોતિ આવી.'–વગેરે રીતે અંતરમાં ફેરવ્યા કરે. અને અનુપ્રેક્ષાપૂર્વક વારંવાર ચિંતવન કરવું જોઈએ. અહીં (સત્સમાગમે) આવીને એક કલાક સાંભળી જાય અને પછી ઘરે જઇને બીજી વિકથાઓમાં જોડાય તો તે અનુપ્રેક્ષા ન કહેવાય. ધારણ અને અનુપ્રેક્ષા બંને કરવાનું કહ્યું છે, તેમાં 'ધારણ' કહેતાં વર્તમાન સાંભળવા ટાણે યાદ રાખવાની વાત છે અને 'અનુપ્રેક્ષા' કહેતાં તે યાદ રાખેલી વાતને પાછળથી વિચારવાની વાત છે.

બધા કલ્યાણનું મૂળ કારણ આગમનો યથાર્થ નિર્ણય છે. ભગવાને કહેલાં પરમાગમ શાસ્ત્રોનો, માત્ર અભ્યાસ નહિ પણ 'યથાર્થ અભ્યાસ' કરવાનું કહ્યું છે. શાસ્ત્રના કહેવા પ્રમાણે બરાબર આશય સમજે તો તે યથાર્થ અભ્યાસ કહેવાય. પણ પોતાને ગોઠે તે પ્રમાણે અર્થ બેસાડી દે તો તે યથાર્થ અભ્યાસ નથી.

'મુક્તિનો માર્ગમાંથી-પૃ. ૮-૯

# જિજ્ઞાસુઓ! ધ્યાનમાં રાખો કે....

(૧) સમ્યક્ત્વસન્મુખ જીવનો રાગ પ્રથમ સંસારપ્રત્યેથી ખસીને સત્દેવ–સદ્ગુરુ–સત્શાસ્ત્ર તરફ વળે છે; પરંતુ તેઓ તે રાગમાં ધર્મ માનતા નથી. સમ્યગ્દર્શનથી જ ધર્મની શરૂઆત થાય છે.

(૨) સમ્યગ્દર્શન પામ્યા સિવાય કોઇ પણ જીવને સાચાં વ્રત, સામાયિક, પ્રતિક્રમણ, તપ, પ્રત્યાખ્યાન વગેરે હોય નહિ; કેમકે તે ક્રિયાઓ, પ્રથમ પંચમ ગુણસ્થાને શુભભાવરૂપે હોય છે. પહેલાં સમ્યગ્દર્શન થયા પછી જ પંચમગુણસ્થાન આવે છે.

(૩) શુભરાગ જ્ઞાની અને અજ્ઞાની બંનેને થાય છે, પણ અજ્ઞાની તેનાથી ધર્મ થશે એમ માને છે, અને જ્ઞાની તેનાથી કદી ધર્મ માનતા નથી, તેમને તે હેયબુદ્ધિએ હોય છે.

(૪) આ ઉપરથી નીચલી દશામાં શુભભાવ કરવાની ના પાડવામાં આવે છે–એમ ન સમજવું. શુભરાગ થાય ખરો પણ તે શુભને ધર્મ માનવો નહિ તેમજ તેનાથી ક્રમેક્રમે ધર્મ થશે–એમ પણ માનવું નહિ, કેમકે અનંત વીતરાગોએ તેને બંધનું કારણ કહ્યું છે.

(૫) એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઇ કરી શકે નહિ, તેને પરિણમાવી શકે નહિ, પ્રેરણા કરી શકે નહિ, અસર, મદદ કે ઉપકાર કરી શકે નહિ, લાભ–નુકસાન કરી શકે નહિ, મારી–જીવાડી શકે નહિ, તેમજ સુખ–દુઃખ આપી શકે નહિ, –એવી દરેક દ્રવ્ય–ગુણ–પર્યાયની સ્વતંત્રતા અનંત જ્ઞાનીઓએ પોકારી પોકારીને કહી છે.

(૬) જિનમતમાં તો એવી પરિપાટી છે કે પહેલાં સમ્યક્ત્વ હોય, પછી વ્રત હોય; હવે સમ્યક્ત્વ તો સ્વ–પરનું શ્રદ્ધાન થતાં થાય છે, તથા તે શ્રદ્ધાન્ દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરતાં થાય છે; માટે પહેલાં દ્રવ્યાનુયોગ અનુસાર શ્રદ્ધાન કરી સમ્યગ્દ્રષ્ટિ થવું.

(૭) પહેલે ગુણસ્થાને જિજ્ઞાસુ જીવોને જ્ઞાની પુરુષના ધર્મોપદેશનું શ્રવણ, નિરંતર તેમનો સમાગમ, સત્શાસ્ત્રનો અભ્યાસ–વાંચન–મનન શ્રી જિનેન્દ્રદેવનાં દર્શન, પૂજા, ભક્તિ દાન વગેરે શુભભાવો હોય છે, પરંતુ સાચાં વ્રત–તપ વગેરે હોતાં નથી.

"મુક્તિનો માર્ગ"ની પ્રસ્તાવનામાંથી

# અરિહંત ભગવાને કરેલો સ્વતંત્રતાનો ઉપદેશ

[ વીર સં. ૨૦૦૬માં રાજકોટ શહેરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ થયો, તેમાં ફાગણ સુદ ૧૧ના રોજ કેવળજ્ઞાનકલ્યાણક પ્રસંગે ભગવાનના દિવ્યધ્વનિના ઉપદેશના સારરૂપે પૂ. ગુરુદેવશ્રીનું ખાસ પ્રવચન. ]

ચૈતન્યમૂર્તિ શુદ્ધ પરિપૂર્ણ આત્મતત્ત્વનું ભાન કરીને પછી તેમાં લીન થતાં સર્વજ્ઞ પરમાત્મદશા પ્રગટે છે. ભગવાન સર્વજ્ઞદેવ પોતાના જ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોકને એક સમયમાં પ્રત્યક્ષ સ્પષ્ટ ભિન્નભિન્ન જાણે છે. જેવું વસ્તુસ્વરૂપ જ્ઞાનમાં જણાયું તેવું જ દિવ્યધ્વનિ દ્વારા કહેવાયું. હું ઉપદેશ કરું–એવી ઇચ્છા ભગવાનને હોતી નથી, ઇચ્છા વગર જ સહજપણે દિવ્યધ્વનિ સર્વાંગેથી છૂટે છે. જ્યાંસુધી ઇચ્છા હોય ત્યાં સુધી દિવ્યધ્વનિ હોતી નથી પણ ક્રમ અને ભેદવાળી વાણી હોય છે. ઇચ્છાનો નાશ થઇને સર્વજ્ઞદશા પ્રગટયા પછી અભેદવાણી હોય છે. તીર્થંકર ભગવાનને કેવળજ્ઞાન થતાં ઇન્દ્રો કેવળ– જ્ઞાનકલ્યાણકનો મહોત્સવ કરે છે, સમવસરણની રચના કરે છે, બાર સભા ભરાય છે અને ભગવાનની દિવ્યવાણી છૂટે છે; તે દિવ્યવાણીમાં ભગવાને શું ઉપદેશ કર્યો ?

આ વિશ્વ ચેતન ને અચેતન પદાર્થોથી રચાયેલું છે. અનંત આત્માઓ છે, તે ચેતન છે, અને આત્મા સિવાય બીજા પાંચ અચેતન દ્રવ્યો છે. આ જગતમાં ભિન્ન ભિન્ન અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને અસંખ્ય કાળાણુઓ–એમ છ પ્રકારના દ્રવ્યો છે, તે સર્વજ્ઞજ્ઞાનમાં પ્રત્યક્ષ ભાસ્યા અને વાણી દ્વારા કહેવાયા. એ છએ દ્રવ્યો સ્વતંત્ર છે, કોઇ દ્રવ્ય બીજાનું કાંઈ કરી શકે –એમ ભગવાનના જ્ઞાનમાં કે વાણીમાં આવ્યું ન હતું.

ભગવાને સ્વાશ્રયભાવ પ્રગટ કરીને પોતાના આત્મામાં સર્વજ્ઞતા કરી, પરને માટે ભગવાને કાંઈ કર્યું નથી. ભગવાન કોઈ પરને સહાય કરતા નથી. કેમકે સામો જીવ એવો પરાધીન નથી કે તેને બીજાની મદદની જરૂર પડે. ભગવાને ભક્તોને ઉગાર્યા, ભક્તોની ભીડમાં સહાય કરી–એવા પ્રકારનાં જેટલા કથન હોય તે બધા આરોપથી વ્યવહારના કથનો છે. કોઇ તત્ત્વમાં કોઇ તત્ત્વને કાંઇ લેવા–દેવાની તાકાત ત્રણકાળમાં નથી. કોઇ કોઇને મદદ કે નુકસાન કરે તે વાત ઉપચારની છે, એટલે કે વસ્તુ સ્વરૂપ તેમ નથી. હું પરને મદદ કરું–એમ જેણે માન્યું તેણે પરપદાર્થોને સ્વતંત્ર ન માન્યા પણ પરાધીન માન્યાં, તેમ જ પર મને મદદ કરે–એમ માન્યું તેણે પોતાને સ્વતંત્ર ન માન્યો પણ પરનો ઓશિયાળો પરાધીન માન્યો. આવી સ્વ–પરની પરાધીનતાની માન્યતાથી જીવ સંસારમાં રખડે છે. ભગવાનની દિવ્યધ્વનિ કહે છે કે દરેક તત્ત્વો સ્વતંત્ર છે, કોઈ તત્ત્વ બીજા તત્ત્વને આધીન નથી.

દરેક આત્મામાં સર્વજ્ઞ થવાની તાકાત ભરી છે, શક્તિરૂપે બધા ભગવાન છે. પણ ભગવાન આત્માને અનાદિથી પોતાના સ્વભાવનું અજ્ઞાન છે, એટલે વિકારને પોતાનું સ્વરૂપ માને છે. આત્માની અવસ્થામાં જે પુણ્ય–પાપના ભાવ થાય છે તે વિકાર છે, તે ધર્મ નથી. દેહની ક્રિયા તો જડ છે, તેમાં ધર્મ કે અધર્મ નથી. ધર્મ કે અધર્મ તો આત્માની અવસ્થામાં થાય છે. વિકારને પોતાનું સ્વરૂપ માનીને તેનો કર્તા થાય તે અધર્મ છે. અને વિકારરહિત જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિથી નિર્મળ અવસ્થા પ્રગટે તે ધર્મ છે. જીવને પોતાના સ્વભાવના અજ્ઞાનપણાથી જે પુણ્ય–પાપનું કર્તાકર્મપણું છે તેને ભગવાન ધર્મી કહેતા નથી. જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપની દ્રષ્ટિ છોડીને, વિકારનો કર્તા થઇને પુણ્ય–પાપની લાગણીઓને પોતાના કર્મપણે કરે તેને ભગવાન અધર્મ કહે છે. વિકારદ્વારા ધર્મ થાય–એ વાત સર્વજ્ઞના જ્ઞાનમાં આવી નથી, વાણીમાં પણ તેમ આવ્યું નથી, અને વસ્તુસ્વરૂપમાં પણ તેમ નથી. અનાદિનું અજ્ઞાન ટળીને સમ્યગ્જ્ઞાન કેમ થાય ? તેની વાત આ સમયસાર ગા. ૭૧ માં છે.

વિકાર તે મારું કાર્ય અને હું તેનો કર્તા–એવી જે કર્તાકર્મની પ્રવૃત્તિ છે તે અજ્ઞાન છે, અને તેનાથી જીવ સંસારમાં રખડે છે, એમ શ્રી આચાર્યદેવે કહ્યું; તે સાંભળીને પાત્ર શિષ્ય ઝંખનાથી પ્રશ્ન પૂછે છે કે–હે નાથ !

એ કર્તાકર્મનું અજ્ઞાન કઈ રીતે ટાળવું? પ્રભો! અમારું તે અજ્ઞાન કેમ ટળે? અજ્ઞાન ટાળવાનો ઉપાય શું? પોતામાં અજ્ઞાન ટાળવાની તૈયારી પ્રગટી છે–પાત્રતા થઈ છે, ને સામે નિમિત્ત પણ ઊભું છે–એટલે શિષ્ય ઝંખનાથી પૂછે છે કે પ્રભો, એ અનાદિનું અજ્ઞાન હવે કઈ રીતે મટે? તે બતાવો. આત્મા જ્ઞાતાદ્રષ્ટા ચિદાનંદ સ્વરૂપ છે, વિકાર તેના સ્વરૂપમાં નથી, છતાં–પુણ્ય–પાપના ભાવો થાય તે મારું કર્તવ્ય અને હું તેનો કર્તા–એવો જે અજ્ઞાનીનો પાખંડભાવ અનાદિથી છે તે કયારે ટળે? ત્યારે શ્રી આચાર્યદેવ ઉત્તર આપે છે કે–હે ભાઈ! આત્મા અને વિકારીભાવોને ભિન્ન ભિન્ન ઓળખવાથી વિકારના કર્તાકર્મપણાનું અનાદિનું અજ્ઞાન ટળી જાય છે, એટલે ભેદવિજ્ઞાન તે જ ઉપાય છે. હું શુદ્ધસ્વભાવનો અખંડ પિંડ છું, પુણ્ય–પાપના ભાવો તે વિકાર છે – બંધન છે – અશુચિ છે, હિંસાદિ પાપ તો વિકાર છે જ અને આત્માના ભાવમાં પૂજા–ભક્તિ–દાન વગેરે પુણ્યપરિણામ થાય તે પણ વિકાર છે, મારો ચૈતન્યસ્વભાવ તે વિકારથી રહિત છે, –આમ વિકારથી ભિન્ન ચૈતન્યસ્વભાવનું ભાન થતાં અજ્ઞાન ટળે છે.

અત્યારે મહાવિદેહક્ષેત્રમાં સાક્ષાત્ શ્રીસીમંધરભગવાન કેવળજ્ઞાનપદે બિરાજી રહ્યા છે. સીમંધર પરમાત્માએ સમવસરણમાં દિવ્યધ્વનિવડે જે વસ્તુસ્વરૂપ કહ્યું તેની જાહેરાત શ્રીકુંદકુંદાચાર્યદેવે આ સમયસારમાં કરી છે. કુંદકુદાચાર્યપ્રભુ મહાવિદેહમાં સર્વજ્ઞ પરમાત્મા સીમંધર ભગવાન પાસે ગયા હતા, ત્યાં આઠ દિવસ રહ્યા હતા, અને ભગવાનની દિવ્યવાણી સાંભળી હતી. ત્યાર પછી આ ભરતક્ષેત્રમાં પાછા આવીને આ સમયસાર વગેરે મહાન શાસ્ત્રો રચ્યાં છે, તેમાં જન્મ–મરણનો રોગ ટાળવાની અપૂર્વ દવા છે, ભાવમરણથી બચવાની અપૂર્વ ઔષધિ આચાર્યભગવાન બતાવી રહ્યા છે.

અહો! આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, પોતે સુખ સ્વભાવી છે. કોઈ ઇન્દ્રિયવિષયોમાં એનું સુખ નથી, સ્વર્ગમાં સુખ નથી, પુણ્યમાં સુખ નથી. આત્માનું સુખ પરમાં નથી, તેમ આત્માનું દુઃખ પણ પરમાં નથી. પરના લક્ષે જે પુણ્ય–પાપના વિકારી ભાવો થાય તે આસ્રવ છે, આકુળતા છે, મલિન ભાવ છે, દુઃખરૂપ છે. અને ભગવાન આત્મા તો આકુળતા રહિત, પવિત્ર અને સુખરૂપ છે. આ પ્રમાણે આત્માનો અને આસ્રવોનો ભેદ જાણવો તે સમ્યગ્જ્ઞાનનો ઉપાય છે. અંતર્સ્વભાવની દ્રષ્ટિથી આવું ભેદજ્ઞાન કરવું તે જ અજ્ઞાન ટાળવાનો ઉપાય છે.

શરીર–મન–વાણી તે જગતના જડની પર્યાયો છે, પુદ્ગલ દ્રવ્ય કર્તા થઈને તે અવસ્થાઓને કરે છે; આત્મામાં તેને કરવાની તાકાત નથી. ભગવાન સર્વજ્ઞદેવે પુદ્ગલને જડમાં જણાવ્યાં છે. તે દ્રવ્ય જડ છે, તેના ગુણો જડ છે અને તેની અવસ્થાઓ પણ જડ છે. તેના દ્રવ્ય–ગુણ–પર્યાયોથી આત્માના દ્રવ્ય–ગુણ–પર્યાય ભિન્ન છે, આત્મા તે જડના દ્રવ્ય–ગુણ–પર્યાયમાં કાંઇ કરતો નથી. આત્મા અજ્ઞાનભાવે પોતાની અવસ્થામાં વિકારભાવને કરીને તેનો કર્તા થાય, અને જ્ઞાનભાવે પોતાની નિર્મળ અવસ્થાને કરે. આત્માની પર્યાયમાં થતો વિકાર પણ આત્માનો સ્વભાવ નથી, તેથી તે વિકારનો કર્તા પણ મિથ્યાદ્રષ્ટિ છે, અને જડનું કર્તાપણું માને તે તો સ્થૂળ મિથ્યાદ્રષ્ટિ છે.

એક પણ જડની દશા આત્માના શુભ પરિણામને લીધે પલટતી નથી. ભગવાન પાસે શરીર નમે કે હાથ જોડવાની ક્રિયા થાય તે આત્માના શુભ પરિણામને લીધે થતી નથી. જડની અવસ્થા થવાની તાકાત જડમાં છે. આત્મા તો વીતરાગી સ્વભાવની તાકાતવાળો છે, તેમાં તો પુણ્યભાવને પ્રગટ કરવાનો પણ સ્વભાવ નથી. પુણ્યભાવથી ધર્મ માને તે મિથ્યાદ્રષ્ટિ છે. ભગવાન સર્વજ્ઞદેવની વાણીમાં આમ આવ્યું કે ચૈતન્યતત્ત્વને ચૂકીને જે પુણ્ય–પાપનો કર્તા થાય તેને અમે જૈન કહેતા નથી. કેમકે શુદ્ધ આત્માની દ્રષ્ટિવડે તેણે પુણ્ય–પાપને જીત્યા નહિ પણ વિકારને પોતાનું સ્વરૂપ માનીને પોતે વિકારથી જીતાઇ ગયો, તેથી તે જૈન નથી. જૈન કુળમાં જન્મ્યો તેથી કાંઇ ખરેખર જૈન કહેવાય નહિ. જેમ કોથળી ઉપર ‘સાકર’ એવું નામ લખ્યું હોય ને અંદર તો કરિયાતું ભર્યું હોય, તેથી કાંઇ કરિયાતું કડવું મટી જાય નહિ, તેમ નામથી તો જૈન કહેવાય પણ અંતરમાં આત્માને પુણ્ય–પાપનો કર્તા માને તેને સર્વજ્ઞદેવ જૈન કહેતા નથી, પુણ્યપાપરહિત જ્ઞાતાસ્વભાવમાં એકત્વદ્રષ્ટિથી આત્મા નિર્મળ અવસ્થાનો કર્તા થાય, તે જૈન છે. આત્માનો જ્ઞાતાદ્રષ્ટા એકરૂપ સ્વભાવ છે, તેના વલણમાં રહેતાં જ્ઞાનસ્વભાવમાં એકતાબુદ્ધિ થાય છે તથા રાગ અને જ્ઞાનની એકતાબુદ્ધિ ટળે છે તે ધર્મ છે. એવો ધર્મી જીવ ખરેખર

રાગનો કર્તા થતો નથી પણ પોતાના સમ્યગ્દર્શનાદિ નિર્મળભાવને જ કરે છે.

આત્મા પોતે પોતાને ભૂલીને હેરાન થાય છે, કોઈ બીજું તેને હેરાન કરતું નથી. પણ પર મને હેરાન કરે, પર મને વિકાર કરાવે એવું અજ્ઞાન આત્માની અવસ્થામાં અનાદિનું છે. તે અજ્ઞાન પ્રવાહપણે અનાદિ હોવા છતાં, સ્વ પરના ભેદજ્ઞાનથી તેનો નાશ થઇ જાય છે.

આત્માનો સ્વભાવ તો શુદ્ધ છે, પણ પરનું હું કરું ને વિકારને હું કરું–એવી મિથ્યાબુદ્ધિને લીધે તે પોતાના સ્વભાવ તરફ વળતો નથી પણ આકુળતામાં જ રખડે છે. આત્માના ભાન વિના પુણ્યથી ધર્મ મનાવે, નિમિત્તના આશ્રયથી ધર્મ મનાવે, દેહની ક્રિયામાં ધર્મ મનાવે– તે બધા આત્માના સ્વભાવનું ખૂન કરનારા–આત્મઘાતકી છે, અને તે ઊંધી માન્યતા રાખીને જે કાંઇ કરે તે બધું એકડા વગરના મીંડા સમાન વ્યર્થ છે.

પર પદાર્થના કામને હું કરું–એમ જે માને તે પોતાની પર્યાયમાં મિથ્યાભાવને ઉત્પન્ન કરે છે, પરંતુ પરના કામનો તો કર્તા થઇ શકતો નથી. આત્મા પોતાની અવસ્થામાં એક સમયનો વિકાર કે અવિકાર ભાવ કરી શકે છે. પરંતુ અહીં તો આચાર્યદેવ કહે છે કે પોતાની અવસ્થામાં એક સમયપૂરતા વિકારનો જે કર્તા થાય તે પણ મિથ્યાદ્રષ્ટિ છે. હું અખંડ જ્ઞાનમૂર્તિ પવિત્ર છું– એવા સ્વભાવસન્મુખ ભાવમાં રોકાતાં, વિકારના કર્તા કર્મની પ્રવૃત્તિરૂપ અજ્ઞાન ટળી જાય છે, અને આત્મા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ નિર્મળ ભાવનો કર્તા થાય છે, આનું નામ ધર્મ છે. આ સિવાય બીજી રીતે કોઇ ધર્મ મનાવતા હોય કે ધર્મીનું કાંઇ બીજું કાર્ય મનાવતા હોય તો તે તેની કલ્પના છે, ભગવાનના આગમ તે પ્રમાણે કહેતાં નથી.

મારો વર્તમાન વિકાર પરને લઇને થાય, કર્મનો ઉદય મને વિકાર કરાવે–એમ જેણે માન્યું તેણે તો વર્તમાન અંશને પણ સ્વતંત્ર ન માન્યો, એટલે તેને તો વર્તમાન અંશને ત્રિકાળી અખંડ દ્રવ્ય તરફ વાળીને સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો અવકાશ જ ન રહ્યો. મારી અવસ્થામાં વિકાર થાય તે કોઈ પર કરાવતું નથી પણ હું જ મારા અપરાધથી કરું છું– એમ અંશને તો સ્વતંત્ર માને, પરંતુ એ અંશ જેટલો જ આખા આત્માને માને તો તેને પણ ત્રિકાળી સ્વભાવ તરફ ઢળવાનું રહેતું નથી, એટલે તે પણ મિથ્યાદ્રષ્ટિ છે. પોતાના વર્તમાન અંશને સ્વતંત્ર માનીને પછી તે વિકારી અંશના કર્તાકર્મપણાની માન્યતા પણ ઉડાડીને અભેદ સ્વભાવસન્મુખ થવું, તેને ભગવાને ધર્મ કહ્યો છે.

આજે ભગવાનનો કેવળકલ્યાણક છે. કેવળજ્ઞાન થયા પછી દિવ્યધ્વનિમાં ભગવાને સ્વતંત્રતાનો શું ઉપદેશ કર્યો તેની આ વાત છે. ભગવાન મહાવીરને વૈશાખ સુદ દસમે કેળવજ્ઞાન થયું પણ કોઇ ગણધર ન હોવાથી છાસઠ દિવસ સુધી વાણી અટકી–એમ કથન આવે છે, પણ ખરેખર એમ નથી, વાણી વાણીના કારણે જ અટકી છે, તે વખતે પરમાણુમાં તેવી વાણીરૂપે થવાનો સ્વકાળ જ ન હતો. અને જ્યારે વાણી છૂટી ત્યારે તે તેના સ્વકાળે છૂટી છે, ગૌતમગણધર આવ્યા માટે વાણી છૂટી–એમ નથી. ગણધર આવ્યા તે કર્તા અને વાણી પ્રગટી તે તેનું કર્મ–એવું કર્તાકર્મપણું નથી. તેમ જ ભગવાન કર્તા અને વાણી તેનું કર્મ એમ પણ નથી. યોગનું કંપન કર્તા અને વાણી તેનું કર્મ–એમ પણ નથી. દરેકે દરેક સ્વતંત્ર છે. યોગનું કંપન, ગૌતમનું આગમન અને વાણીનું ખરવું – એ બધાનો એક કાળ હોવા છતાં દરેક કાર્ય સ્વતંત્ર છે, કોઇ એક બીજાના કર્તા નથી.

પર્યાયબુદ્ધિથી 'હું વિકારનો કર્તા ને વિકાર મારું કાર્ય એટલે કે હું વિકારથી જાુદો નથી પણ વિકાર તે જ હું છું' –એવી મિથ્યા કર્તાકર્મની પ્રવૃત્તિ અજ્ઞાનીને પ્રવાહપણે અનાદિથી છે, પરંતુ તે જીવનો સ્વભાવ નથી, ક્ષણે ક્ષણે અજ્ઞાનથી નવી ઉત્પન્ન થયેલી છે. નવી ઉત્પન્ન થયેલી છે એટલે તે ટળી શકે છે. જીવ ઉત્પન્ન કરે તો તે થાય છે, નહિતર થતી નથી. સ્વભાવસન્મુખ વળતાં 'વિકારનો હું કર્તા ને વિકાર મારું કર્મ' એવી કર્તાકર્મની ઉત્પત્તિ થતી નથી, પણ નિર્મળ વીતરાગી પરિણામની ઉત્પત્તિ થાય છે. આત્માના અપરાધમાં કર્મનો ઉદય તો નિમિત્તમાત્ર છે, તે કાંઇ જીવને વિકાર કરાવતો નથી. કર્મને લીધે આત્મામાં વિકાર થાય તે વાત ત્રણકાળમાં સાચી નથી. જીવ પોતે પોતાના અપરાધથી અજ્ઞાન કરે છે. છતાં અનાદિકાળથી કર્મને લીધે અજ્ઞાન થાય– એમ માને છે તે મહા અજ્ઞાન છે. ભગવાન અરિહંત પરમાત્મા કહે છે કે બધા પદાર્થો સ્વતંત્ર છે, કોઇ બીજાને વિકાર કરાવતું નથી તેમ જ કોઈ કોઈના ઉપર પ્રભાવ પાડે કે મદદ – અસર કરે એવી તાકાત ત્રણકાળ ત્રણલોકમાં

કોઇ પદાર્થમાં નથી. જેમ પદાર્થને કોઇએ કર્યો નથી પણ સ્વયંસિદ્ધ છે, તેમ તેની અવસ્થા પણ દરેક સમયની સ્વયંસિદ્ધ સ્વતંત્ર છે, બીજો તેમાં કાંઇ કરતો નથી. આમ દ્રવ્ય-ગુણ-પર્યાયને સ્વતંત્ર જાણે તો પોતાના સ્વભાવ તરફ વળ્યા વગર રહે નહિ.

શ્રી આચાર્ય ભગવાન સમયસારની પહેલી ગાથામાં કહે છે કે હું સિદ્ધ છું, તમે સિદ્ધ છો. वं दित्तु सव्व सिद्धे એટલે કે સર્વ સિદ્ધોને નમસ્કાર કરું છું. મારા અને તારા આત્મામાં સિદ્ધપણાને સ્થાપન કરું છું. જે સિદ્ધમાં હોય તે તારે હોય, સિદ્ધને ન હોય તે તારો સ્વભાવ પણ નહિ. માટે વિકાર મારું કર્તવ્ય-એવી માન્યતાને છોડ. આત્મામાં પરમાત્મપણાનું સ્થાપન કરીને તું શ્રવણ કરજે. આ પ્રમાણે પરમાત્મપણાની સ્થાપના કરીને આચાર્યદેવે શરૂઆત કરી છે. આ જ ધર્મની શરૂઆતનો ઉપાય છે.

સિદ્ધભગવાનને જ આત્માના આદર્શ તરીકે-અરીસા તરીકે સ્થાપ્યા છે. એટલે જેવા સિદ્ધ તેવો જ હું, એમ વિકાર અને અધૂરી દશામાં એકતાબુદ્ધિ છોડીને, સિદ્ધ જેવા પોતાના આત્માની શ્રદ્ધા પ્રગટ કરવી તે અપૂર્વ સમ્યગ્દર્શન ધર્મ છે. આ સિવાય બીજી કોઇ રીતે મિથ્યાત્વ ટળતું નથી. અનાદિના અજ્ઞાનની નિવૃત્તિનો અને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિનો ઉપાય, સિદ્ધ ભગવાન જેવા પોતાના આત્માની શ્રદ્ધા કરવી તે જ છે, બીજા કોઇ બાહ્ય ક્રિયાકાંડ કે શુભરાગ તે ઉપાય નથી. શુભરાગ તે કારણ અને ધર્મ તે કાર્ય-એવું કારણકાર્યપણું ત્રણકાળમાં નથી; કેમકે શુભરાગ તે વિકાર છે, ને ધર્મ અવિકારી છે, વિકાર તે અવિકારીપણાનું કારણ કેમ થાય? શાસ્ત્રમાં કોઇ ઠેકાણે શુભરાગને કે વ્યવહારને ધર્મનું સાધન કહ્યું હોય તો તે ઉપચારનું કથન છે. ખરેખર શુભરાગ તે ધર્મનું સાધન નથી, વિકારના કર્તાકર્મની પ્રવૃત્તિ તે અધર્મ છે, અને સ્વભાવસન્મુખ થઈને આત્મા અને આસ્રવોને ભિન્ન જાણતાં તે કર્તાકર્મની પ્રવૃત્તિ ટળે છે ને અજ્ઞાનનો નાશ થાય છે; એટલે બંધનનો નાશ થઇને મુક્તિ થાય છે. સર્વે અરિહંતભગવંતો આજ ઉપાયથી મુક્તિ પામ્યા છે. આજ પહેલાં પૂર્વે અનંત જીવો કેવળજ્ઞાન પ્રગટ કરીને મુક્તિ પામ્યા છે, અત્યારે પણ મહાવિદેહક્ષેત્રેથી ૬ મહિના અને ૮ સમયે ૬૦૮ જીવો મુક્તિ પામે છે ને ભવિષ્યમાં પણ અનંત જીવો મુક્તિ પામશે; તે બધા જીવોને માટે મોક્ષનો ઉપાય આ એક જ છે. સર્વજ્ઞ ભગવાનના દિવ્યધ્વનિનો આશય અલ્પ શબ્દોમાં શ્રીકુંદકુંદાચાર્યદેવે કહ્યો છે કે જ્ઞાનમાત્રથી જ બંધનનો નિરોધ થાય છે. 'જ્ઞાનમાત્ર' કહેતાં તેમાં આત્મા તરફ વળેલી શ્રદ્ધા, ચારિત્ર વગેરે પણ આવી જાય છે. રાગનો અભાવ બતાવવા માટે 'જ્ઞાનમાત્ર' એમ કહ્યું છે. જ્ઞાન સાથે આખો આત્મા અભેદ સમજવો. આત્માની શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા સિવાય બીજો કોઇ મુક્તિનો માર્ગ ત્રણકાળમાં નથી.

**"એક હોય ત્રણકાળમાં, પરમારથનો પંથ,**
**પ્રેરે જે પરમાર્થને તે વ્યવહાર સમંત"**

અખંડાનંદ સ્વભાવનું ભાન કરીને, તેનું મનન કરવાની વૃત્તિ ઊઠે તેને વ્યવહાર કહેવાય છે; પરંતુ તે વ્યવહારના અવલંબનથી અંતરના પરમાર્થમાં પહોંચાતું નથી. જ્યાંસુધી રાગનું લક્ષ રહે ત્યાંસુધી અભેદ આત્માનો અનુભવ થતો નથી. વ્યવહાર તે રાગ છે, તેનો આશ્રય છોડીને રાગરહિત સ્વભાવની શ્રદ્ધા જ્ઞાન કરે તે ધર્મી છે. મુનિદશા કે શ્રાવકદશા પહેલાં અંતરમાં અવિરત સમ્યગ્દર્શન-ચોથું ગુણસ્થાન-પ્રગટ થતાં આવી દશા હોય છે, તે જીવને અંતરમાં 'હું વિકારનો કર્તા ને વિકાર મારું કાર્ય' એવી વિકારના કર્તાકર્મની પ્રવૃત્તિ રહેતી નથી. આવી દ્રષ્ટિવાળો ધર્માત્મા સ્વસન્મુખ પરિણમનથી ક્રમેક્રમે રાગનો નાશ કરીને સર્વજ્ઞ થાય છે. આ જ માર્ગે સર્વજ્ઞ થવાય છે.

ભગવાને સર્વજ્ઞજ્ઞાનથી જગતમાં દરેક પદાર્થોને સ્વતંત્ર જાણ્યા છે, અને દરેક પદાર્થોની સ્વતંત્રતાનો ઉપદેશ દિવ્યધ્વનિમાં આવ્યો છે. એકેક વસ્તુના અનંત ગુણોને પણ ભગવાને સ્વતંત્ર કહ્યા છે. એક વસ્તુ બીજી વસ્તુને તો મદદ ન કરે, પણ એક વસ્તુમાં રહેલા અનંત ગુણોમાં પણ એક ગુણ બીજા ગુણને ઉપાદાનપણે મદદ કરતો નથી. આત્મામાં જે ક્ષણે સમ્યક્શ્રદ્ધા પ્રગટે તે જ ક્ષણે સમ્યક્ચારિત્ર પૂરું પ્રગટી જાય-એમ બનતું નથી. તેમ જ બારમા ગુણસ્થાને યથાખ્યાત ચારિત્ર પ્રગટયું છતાં જ્ઞાનગુણ પૂરો પરિણમતો નથી, કેમકે દરેક ગુણો પણ સ્વતંત્ર છે. સમ્યક્શ્રદ્ધા થાય તે ક્ષણે જ સંપૂર્ણ ચારિત્ર હોવું જોઇએ ને રાગનો ત્યાગ હોવો જોઇએ-એમ જે માને તેને શ્રદ્ધા વગેરે ગુણની સ્વતંત્રતાની ખબર નથી. વસ્તુપણે બધા ગુણો અભેદ હોવા છતાં દરેક ગુણના પરિણમનમાં સ્વતંત્રતા છે.

૧૬, ૧૭ ને ૧૮ મા–શાંતિનાથ, કુંથુનાથ ને અરનાથ–એ ત્રણે તીર્થંકર ભગવંતો ચક્રવર્તી હતા, છ ખંડનો રાજવૈભવ સંયોગરૂપે હતો. અને અસ્થિરતાના કારણે રાગ પણ હતો. છતાં અંતરમાં સમ્યક્શ્રદ્ધા એક ક્ષણ પણ ખસતી ન હતી. રાગ હોવા છતાં એવી સમ્યક્શ્રદ્ધા અંતરમાં હતી કે ‘આ રાગ હું નહિ, તે મારું કર્તવ્ય નહિ, રાગ છે તે સ્ત્રી આદિ પરદ્રવ્યને લીધે નથી.’ આવી સમ્યક્શ્રદ્ધા હોવા છતાં હજી ચારિત્ર દશા પ્રગટી ન હતી, કેમકે શ્રદ્ધા અને ચારિત્ર બંને ગુણોનું પરિણમન સ્વતંત્ર છે, દરેક ગુણ સ્વતંત્ર છે, એટલે શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર વગેરે બધા ગુણો એક સાથે પ્રગટતા નથી. સમ્યક્શ્રદ્ધા પ્રગટતાં ચારિત્રના વિકારનો પણ તરત નાશ થઇ જાય એમ બનતું નથી. શ્રદ્ધામાં તો વિકારરહિત પરિપૂર્ણ ચારિત્રનો જ સ્વીકાર થયો છે. છતાં ચારિત્ર ગુણ તદ્દન નિર્વિકારપણે પરિણમતો નથી, તેવી જ રીતે શ્રદ્ધામાં તો સંપૂર્ણ સર્વજ્ઞસ્વભાવ આવ્યો છે, પરંતુ જ્ઞાન હજી સંપૂર્ણ પરિણમતું નથી.–એ પ્રમાણે, વસ્તુ સ્વતંત્ર છે ને વસ્તુના અનંત ગુણો પણ સ્વતંત્ર છે. આ તો આત્માના અંતરના ગુણોની વાત છે. હજી તો લોકો બહારની સ્થૂળ વાતોમાં અટકયા છે. કર્મને લીધે વિકાર થાય, ને વિકારથી આત્માને લાભ થાય–એવી માન્યતાઓ તો સ્થૂળ મિથ્યાત્વ છે. સમ્યગ્દર્શન થવા છતાં પણ પ્રમાદને લીધે રાગ થાય છે, તે રાગ કાંઇ કર્મના ઉદયને લીધે થતો નથી. જડ કર્મ તો નિમિત્ત માત્ર છે. પરંતુ સમ્યગ્દ્રષ્ટિ જીવ અંતર્ સ્વભાવની દ્રષ્ટિમાં તે રાગનો પણ કર્તા થતો નથી–એવું સમ્યગ્દ્રષ્ટિનું અંતરનું પરિણમન બતાવવા માટે શાસ્ત્રોમાં એમ કહે કે સમ્યગ્દ્રષ્ટિને જે રાગ છે તે કર્મના ઉદયની બળજોરીથી છે. કર્મોનો ઉદય આત્માને વિકાર કરાવે એવી સ્થૂળ મિથ્યાદ્રષ્ટિ ટળી ગયા પછી સ્વભાવની અંતર્દ્રષ્ટિનું તે કથન છે. અખંડાનંદ જ્ઞાનમૂર્તિ સ્વભાવની દ્રષ્ટિથી જ્ઞાની તો પદે પદે સ્વભાવની શુદ્ધિને પ્રગટ કરે છે, અને અજ્ઞાની ‘વિકારનો હું કર્તા અથવા તો વિકાર મને પર કરાવે’ –એવી બુદ્ધિથી પદે પદે આત્માની શુદ્ધતાને હણે છે ને વિકારને ઉત્પન્ન કરે છે.

જેમ ત્રિકાળી દ્રવ્ય અને તેના ગુણો સ્વતંત્ર છે, તેમ તેની અનાદિ અનંત કાળની દરેક અવસ્થા પણ સ્વતંત્ર છે. વિકાર કોઇ પર કરાવતું નથી પણ મારી અવસ્થાની સ્વતંત્રતાથી થાય છે–એટલી સ્વતંત્રતા કબૂલ્યા પછી, મારા ત્રિકાળી સ્વભાવમાં તે એક સમયનો વિકાર નથી ને વિકારમાં મારો સ્વભાવ નથી–આવી પ્રતીત કરે ત્યારે ધર્મની શરૂઆત થાય છે, અને એ પ્રતીતના જોરે જ વિકારનો નાશ થાય છે. આ પ્રમાણે દરેક દ્રવ્યની દરેક ગુણની ને દરેક પર્યાયની સ્વતંત્રતા ભગવાને દિવ્યધ્વનિમાં જાહેર કરી છે. દરેક દ્રવ્ય–ગુણ–પર્યાયની આવી સ્વતંત્રતા જાણીને પોતાના સ્વભાવસન્મુખ થવું તેને ભગવાન મોક્ષનો ઉપાય કહે છે.

# તત્ત્વ નિર્ણય

ઘણા લોકો એવું કહે છે કે ‘તત્ત્વનિર્ણય આ કાળે થઇ શકે નહિ.’ પણ તેમની એ માન્યતા સદંતર જૂઠી છે. તત્ત્વનિર્ણયરૂપ ધર્મ તો બાળક કે વૃદ્ધ, રોગી કે નીરોગી, ધનવાન કે નિર્ધન તેમજ સુક્ષેત્રી કે કુક્ષેત્રી–ઇત્યાદિ સર્વ અવસ્થામાં અને સર્વકાળે પ્રાપ્ત થવા યોગ્ય છે. જેઓ તત્ત્વનિર્ણય નથી કરતા તેમનાં પૂજા, સ્તોત્ર, દર્શન, ત્યાગ, તપ, વૈરાગ્ય, સંયમ, સંતોષ વગેરે બધાય કાર્યો અસત્ય છે; માટે સત્ય આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરંપરા ગુરુઓનો ઉપદેશ અને સ્વાનુભવ દ્વારા તત્ત્વનિર્ણય અવશ્ય કરવો જ જોઇએ.

સમ્યગ્દર્શન તે ધર્મનું પહેલું પગલું છે અને તે તત્ત્વનિર્ણય વગર થઇ શકે જ નહિ. માટે જ્ઞાનીઓએ તે પ્રાપ્ત કરવા ખાસ ભલામણ કરી છે.

માત્ર કુળધર્મવડે માન્યતા કરવાથી,–પછી ભલે તે સાચા વીતરાગ દેવની હોય તોપણ – જીવનું ગૃહીત – મિથ્યાત્વ જતું નથી અને ગૃહીતમિથ્યાત્વ ગયા વગર અનાદિથી ચાલ્યું આવતું અગૃહીતમિથ્યાત્વ ટળે નહિ. માટે ગૃહીતમિથ્યાત્વનું સ્વરૂપ અને તેને મટાડવાનો ઉપાય સમજવો જોઇએ. મુમુક્ષુ જીવો પોતાનો સંસાર તરફનો રાગ ફેરવીને, સત્દેવ, સદ્ગુરુ અને સત્શાસ્ત્રને ઓળખીને તેમની તરફ ન લઇ જાય ત્યાંસુધી તેને ગૃહીતમિથ્યાત્વ ટળતું નથી. ગૃહીતમિથ્યાત્વ ટળ્યા વગર કોઇ પણ રીતે ધર્મની શરૂઆત કયાંથી થાય ?

**“મુક્તિનો માર્ગ”ની પ્રસ્તાવનામાંથી.**

#卐 ધન્ય જીવન 卐

જીવ અનાદિકાળથી સંસારમાં રખડે છે. અનાદિથી સંસારમાં રખડતાં તેણે આત્માને ચૂકીને શરીરાદિ પરની જ ચિંતા કરી છે, પણ આત્માનો સ્વભાવ શું છે અને તેનું સંસારપરિભ્રમણ કેમ ટળે ? – તેની ચિંતા કદી કરી નથી. તેથી અહીં આચાર્ય ભગવાન કહે છે કે જેણે આત્માની ચિંતા માત્રનો પરિગ્રહ કર્યો છે તેનું જીવન પણ પ્રશંસનીય છે –

अस्तां तत्र स्थितो यस्तु चिंतामात्र परिग्रहः।
तस्यात्र जीवितं श्लाघ्यं दैवेरपि स पूज्यते।।६२।।

જે પુરુષ આ શુદ્ધાત્માને ઓળખીને તેના ધ્યાનમાં સ્થિર રહે છે તેની વાત તો દૂર રહો. પરંતુ જે પુરુષ શુદ્ધાત્માની ચિંતાનો પરિગ્રહ કરવાવાળો છે તેનું પણ જીવન આ સંસારમાં પ્રશંસનીય છે; તથા દેવો દ્વારા પણ તે પૂજાય છે. માટે ભવ્ય જીવોએ સદા શુદ્ધાત્માનું ચિંતન કરવું જોઈએ.

શ્રી પદ્મનંદી આચાર્યદેવ મહાન સંત દિગંબર મુનિ હતા, તેઓ જંગલમાં આત્માની રમણતામાં રમતા હતા. જંગલમાં તેમણે આ શાસ્ત્ર રચ્યું છે; તેમાં તેઓ કહે છે કે– અહો, જે જીવો દેહથી અને વિકારથી ભિન્ન ચૈતન્ય સ્વરૂપ આત્માને જાણીને તેના ધ્યાનમાં સ્થિર થાય તેમની વાત તો દૂર રહો, તેમની તો શું વાત ! પરંતુ જેને શુદ્ધ આત્માની ચિંતાનો માત્ર પરિગ્રહ વર્તે છે તેનું જીવ્યું પણ ધન્ય છે. લક્ષ્મી વગેરે પરિગ્રહની પકડ તે તો મમતા અને સંસારનું કારણ છે, તેથી તેવા જીવનને ધન્ય નથી કહેતા, પણ ચૈતન્ય તત્ત્વની ચિંતાની જેણે પકડ કરી છે તેના જીવનને સંતો પ્રશંસનીય કહે છે.

સંસારમાં રખડતાં રખડતાં અનંતવાર મનુષ્યદેહ પામીને આત્માના ભાન વિના મર્યો, પણ આત્મા શું છે તેની વાત જાણી નથી; કદી આત્માનો યથાર્થ વિચાર પણ કર્યો નથી, તેથી અહીં તેનો મહિમા બતાવતાં કહે છે કે બહારની ચિંતા ટાળીને જેઓ આત્માના સ્વરૂપમાં ઠર્યા છે તેઓ તો કરવા યોગ્ય કાર્ય જ કરી બેઠા છે, તેમની શું વાત ! પણ જેને જગતની ચિંતા છોડીને આત્માની ચિંતાની પકડ પણ થઇ કે અહો, મારા આત્માને મેં અનંતકાળથી ઓળખ્યો નથી, અનંતકાળમાં કદી આત્માનું ધ્યાન કર્યું નથી, આત્માને ભૂલીને બાહ્યપદાર્થોની ચિંતામાં જ રખડયો છું, સત્‌સમાગમે આત્માને જાણીને તેનું જ ધ્યાન કરવા યોગ્ય છે.–આવી આત્માની ચિંતાનો પરિગ્રહ કરે, પકડ કરે–તેનું જીવન પણ પ્રશંસનીય છે.

શ્રીમદ્ રાજચંદ્રજી આ પદ્મનંદિ પંચવિંશતિ શાસ્ત્રને ‘વનશાસ્ત્ર’ કહે છે. આ શાસ્ત્ર વનમાં રચાયેલું છે અને વનમાં રહીને જ્ઞાન–ધ્યાન કરવા માટેનું આ શાસ્ત્ર છે, તેથી તેને વનશાસ્ત્ર કહ્યું છે. આત્માનું ભાન કરીને તેના ધ્યાનમાં જે ઠર્યા છે તેને તો બધે વન જ છે, તેનો આત્મા જ તેનું વન છે.

અહા, મારો સ્વભાવ જગતનો સાક્ષી જ્ઞાતા છે, ક્ષણિક વિકાર કે દેહ તે મારું સ્વરૂપ નથી–એમ જેના અંતરમાં ચૈતન્યની ચિંતા જાગી છે તેની આચાર્યદેવ પ્રશંસા કરે છે. અહો ! તે જીવન જીવે છે તે જ પ્રશંસનીય છે, બાકી બધા ચૈતન્યના લક્ષ વગરનું જીવન જીવે છે તે તો મડદાં સમાન છે. આ શરીર તો સંયોગી અનિત્ય છે, તે તો અનંત આવ્યા અને ગયા, પણ મારો આત્મા અનાદિ અનંત એકરૂપ છે, તેનો કદી નાશ થતો નથી–એમ જેને દિવસ અને રાત આત્માની ચિંતા વળગી છે, આત્મા શું છે તેનું ભાન કરવા, તેનું ધ્યાન કરવા, તેની ભાવના કરવા જેને સદાય અંતરમાં રટણ ચાલ્યું છે તેનું જીવન પ્રશંસનીય છે. જગતની જંજાળની ચિંતા આડે જેને આત્માના વિચારને પણ અવકાશ નથી તેનું તો જીવન નકામું ચાલ્યું જાય છે. જગતની જંજાળની ચિંતાનો વળગાડ છૂટીને જેને આત્માની ચિંતાનો વળગાડ વળગ્યો છે તેનું જીવન ધન્ય છે.

અમેરીકામાં એવા મશીન થાય છે કે તેમાં અમુક પૈસા નાખતાં એની મેળે ફોટો પડીને બહાર આવે. લોકોને એવા મશીનનો વિશ્વાસ આવે, પણ આનંદકંદ આત્મામાં જેટલી પુરુષાર્થની એકાગ્રતા મૂકે તેટલી નિર્મળ પર્યાય પ્રગટે એટલે જેવી પુરુષાર્થની એકાગ્રતા કરે તેવો જ ફોટો પર્યાયમાં પડી જાય,–આવી ચૈતન્યશક્તિનો વિશ્વાસ જગતને બેસતો નથી. ચૈતન્યશક્તિને ઓળખીને તેના સંચામાં જેટલી પુરુષાર્થની એકાગ્રતારૂપ કિંમત નાંખે તેટલી નિર્મળદશા અંદરની શક્તિમાંથી પ્રગટ થયા વિના રહે નહિ. પહેલાં અંતરમાં આત્માની જિજ્ઞાસા અને મંથન જાગવું જોઇએ. અંતરના ચૈતન્ય તત્ત્વને શોધવા, તેનો અનુભવ કરવા, તેનો સાક્ષાત્કાર

કરવા અને તેના ધ્યાનમાં સ્થિર થવા જેને રાત અને દિવસ, સ્વપ્નમાં કે જાગતાં, હાલતાં ને ચાલતાં સદાય રટણ ચાલે છે તેનું જીવન ધન્ય છે. જેમ માતાથી વિખૂટા પડી ગયેલા બાળકને 'મારી બા, મારી બા'–એમ પોતાની માતાનું જ રટણ થયા કરે છે, કોઇ તેને પૂછે કે તારું નામ શું ? તો કહેશે કે 'મારી બા.' કોઇ તેને ખાવાનું પૂછે તો કહેશે કે 'મારી બા' એમ તે માતાનું જ રટણ કરે છે. તેમ જે ભવ્ય જીવોને અંતરમાં આત્માની દરકાર જાગે, આત્માનું જ રટણ અને આત્માની ચિંતાનો વળગાડ પ્રગટ કરે, આત્મા સિવાય બીજાની રુચિ અંતરમાં થવા ન દે તેનું જીવન ધન્ય છે. અહો, પૂર્ણ ચિદાનંદ સ્વરૂપ મારો આત્મા છે, તેનું ભાન અને પ્રાપ્તિ જ્યાંસુધી ન થાય ત્યાંસુધી યથાર્થ શાંતિ કે સુખ થાય નહિ; અત્યાર સુધીનો અનંતકાળ એના ભાન વગર ભ્રાંતિમાં ગુમાવ્યો, હવે એક ક્ષણ પણ ગુમાવવી નથી–એમ આત્માની ચિંતાવાળો જીવ બીજા કોઇની રુચિ કરતો નથી. જેઓ એ ચૈતન્યસ્વભાવનું ભાન પ્રગટ કરીને તેને ધ્યાનમાં ધ્યાવે છે તેમના મહિમાની વાત શું કરવી ? તેમણે તો કાર્ય પ્રગટ કરી લીધું છે, તેથી તે કૃતકૃત્ય છે. પણ જેણે તેના કારણરૂપ રુચિ પ્રગટ કરી છે કે અહો મારું કાર્ય કેમ પ્રગટે ? આનંદકંદ આત્માનો અનુભવ અંદરથી કેમ પ્રગટે ? આવી જેને ચિંતા પ્રગટી છે તે આત્માનું જીવન પણ, સંત આચાર્ય કહે છે કે ધન્ય છે, સંસારમાં તેનું જીવન પ્રશંસનીય છે. જગતમાં પૈસા, સ્ત્રી, શરીર વગેરેની ચિંતા વધારી તેનું જીવન પ્રશંસનીક અમે નથી કહેતા. પણ જેણે બીજા પરિગ્રહની ચિંતા છોડીને ચૈતન્યની ચિંતાનો જ પરિગ્રહ કર્યો છે તેનું જીવન શાંતિ અને સમાધિ આપવાના કારણરૂપ છે, મનોહર છે, રમણીય છે, પ્રશંસવા યોગ્ય છે; દેહ છૂટવા ટાણે તેને અંતરમાં આત્માની શાંતિ અને સમાધિ પ્રગટ થશે, તેથી તેનું જીવન ધન્ય છે; મોટા મોટા દેવો પણ આવીને એવા ભવ્ય જીવોની સેવા અને આદર કરે છે. આ દુર્લભ મનુષ્યભવ પામીને કરોડો રૂપિયા મેળવે કે માન આબરૂ વગેરે મેળવવામાં જીવન વીતાવે તેને અહીં ધન્ય નથી કહેતા, પણ અંતરમાં જે ચૈતન્યની ભાવના કરે છે તેનું જીવન ધન્ય છે.

આ જડ શરીરથી હું ભિન્ન છું, અહો ! મારા આત્માનું શું થશે ? આ જડ શરીર તો અહીં પડયું રહેશે, અને હું તો એકલો જઇશ, શરીર પણ મારી સાથે રહેવાનું નથી તો પછી બીજા સ્ત્રી–કુટુંબ–લક્ષ્મી વગેરેની શું વાત ? વિકાર પણ મારું સ્વરૂપ નથી, મારો આત્મા કાયમી શુદ્ધ ચિદાનંદ છે, સિદ્ધ ભગવાન જેટલું પરિપૂર્ણ સામર્થ્ય મારામાં ભર્યું છે તેને હું ઓળખું – એમ ચોવીસે કલાક અંતરમાં રટણ ચાલે છે તેવા ધર્મની ચિંતાવાળા ભવ્યાત્માઓને દેવો પણ સેવે છે. પવિત્રતાવાળા જીવોને પુણ્યવંત દેવો પણ આદરે છે. આત્મસ્વભાવના લક્ષવાળું જીવન જ આદરણીય છે, એ સિવાય બીજા જીવનને આદરણીય ગણવામાં આવ્યું નથી. માટે ભવ્યાત્માઓએ વારંવાર શુદ્ધાત્માની ચિંતામાં ને તેના જ રટણમાં રહ્યા કરવું–એવો શ્રી આચાર્યદેવનો ઉપદેશ છે. શરીર–પૈસા–કુટુંબ કે દેશ વગેરેનું જે થવું હોય તે થાય, તેને સંયોગરૂપે રહેવું હોય તો રહે ને જવું હોય તો જાય, મારા આત્માથી તે બધા ભિન્ન છે, હું નિત્ય રહેનાર ચૈતન્યબિંબ છું, તેને ઓળખીને તેમાં ઠરું–એ જ મારું કર્તવ્ય છે – આવી જેને રુચિ અને ઝંખના પ્રગટી તેને તે નિત્ય શાંતિ અને આનંદ આપે છે, તેનું જીવન ધન્ય છે. કરવા યોગ્ય હોય તો આ જ છે.

**-મહિકા ગામમાં વૈશાખ સુદ ૪ ના રોજ પદ્મ. એકત્વ અધિકાર ગા. ૬૫ ઉપર પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન.**

# બ્રહ્મચર્ય-પ્રતિજ્ઞા

( ૧ ) પૂ. ગુરુદેવશ્રી વીંછીયા પધાર્યા ત્યારે વૈશાખ સુદ ૧૧ ના રોજ ભાઈ નંદલાલ છોટાલાલ દવે તેમજ તેમના ધર્મપત્ની કંચનગૌરીબેન–એ બંનેએ સજોડે આજીવન બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા અંગીકાર કરી છે.

( ૨ ) પૂ ગુરુદેવશ્રી લાઠી પધાર્યા ત્યારે જેઠ સુદ ૫ ના રોજ શેઠ દેવસી દયાળભાઈ તથા તેમના ધર્મ પત્ની વિજયાબેન એ બંનેએ સજોડે આજીવન બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા અંગીકાર કરી છે.

---

સત્પુરુષની વાણી વિષય અને કષાયના અનુમોદનથી અથવા રાગ–દ્વેષના પોષણથી રહિત હોય છે, એવો નિશ્ચય રાખવો. **શ્રીમદ્ રાજચંદ્ર**

નિર્વિકલ્પ અને અખંડ સ્વ સ્વરૂપનાં અભિન્નજ્ઞાન સિવાય અન્ય કોઇ સર્વ દુઃખ ઘટવાનો ઉપાય જ્ઞાની પુરુષોએ જાણ્યો નથી. **શ્રીમદ્ રાજચંદ્ર**

# 卐 આત્માનું સ્વાસ્થ્ય 卐

સામ્યભાવ તે જ શુદ્ધાત્માની ઉપાસનાનો ઉપાય છે એમ ૬૩ મા શ્લોકમાં કહ્યું. આત્મસ્વભાવનું ભાન થઇને જ્ઞાતાભાવ-વીતરાગભાવ પ્રગટે તેનું નામ સામ્યભાવ છે. સ્વાસ્થ્ય, સમાધિ વગેરે પણ તે સામ્યભાવના જ નામો છે એમ શ્રી આચાર્યદેવ કહે છે-

साम्यं स्वास्थ्यं समाधिश्च योगश्चेतो निरोधनम्।
शुद्धोंपयोग इत्येते भवन्त्येकार्थवाचका:।।६४।।

સામ્ય, સ્વાસ્થ્ય, સમાધિ, યોગ, ચિંતાનિરોધ અને શુદ્ધોપયોગ એ બધા નામો એકાર્થવાચક છે.

આત્મા ચૈતન્યમૂર્તિ છે તેની અવસ્થામાં જે રાગ-દ્વેષ-અજ્ઞાનમય વિકારી ભાવો થાય છે તે રોગ છે. તે વિકારરહિત નીરોગ આત્મસ્વભાવને ઓળખીને, તેમાં એકાગ્રતાદ્વારા રાગરહિત નિર્મળ દશા પ્રગટે તેને ભગવાન સ્વાસ્થ્ય કહે છે. પર મારાં ને શરીર મારું, શરીરમાં રોગ થતાં મને રોગ થયો-એવી માન્યતાવાળાને ભગવાન રોગી કહે છે. શરીરમાં રોગ થાય કે શરીર કપાય તેનું દુઃખ આત્માને નથી. પણ ચૈતન્યને ચૂકીને શરીર તે જ હું-એવી મિથ્યાબુદ્ધિ તે ભાવરોગ છે, ને એ ભાવરોગથી જીવ સંસારમાં રખડી રહ્યો છે. વિકારરહિત ત્રિકાળ જ્ઞાનમૂર્તિ શુદ્ધ સ્વભાવ છે તેને જાણે, અને પર્યાયમાં ક્ષણિક વિકાર થવા છતાં શુદ્ધ સ્વભાવના આશ્રયે મૂંઝવણનો ભાવ થવા ન દે-તે પહેલું સ્વાસ્થ્ય છે. ક્ષણિક વિકાર થવા છતાં શ્રદ્ધામાં અખંડ નીરોગ સ્વભાવને ટકાવી રાખ્યો તે પહેલું સુખ છે. દેહબુદ્ધિવાળા લોકો કહે છે કે 'પહેલું સુખ તે જાતે નર્યા' એટલે કે શરીર સારું હોય તો આત્માને સુખ થાય. પરંતુ એ વાત ખોટી છે. શરીર તે આત્માની જાત છે જ નહિ; શું જડ શરીરમાં આત્માનું સુખ ભર્યું છે? ચૈતન્ય સ્વભાવના સુખની દ્રષ્ટિ ચૂકીને જડ શરીરની નીરોગતામાં પોતાનું સુખ કલ્પ્યું તેને ભગવાન ભાવરોગ અથવા ભાવમૃત્યુ કહે છે. અંતરમાં આત્માની ચૈતન્ય ખાણમાંથી વીતરાગ ભાવને ખોલવાની ને વિકાર ભાવને નાશ કરવાની જે દ્રષ્ટિ તથા એકાગ્રતા પ્રગટી છે તેને સ્વાસ્થ્ય એટલે કે આત્માની નીરોગતા કહે છે. શરીરમાં રોગ થાય ત્યાં તેને ટાળવા માટે કેટલી ચિંતા કરે છે? તો આત્માને પરમાં સુખ - બુદ્ધિથી અનાદિકાળથી મિથ્યાત્વનો રોગ લાગુ પડયો છે, તેને મટાડવાની કાંઈ ચિંતા ખરી? મારો આત્મા વિકારરહિત શુદ્ધ ચિદાનંદ સિદ્ધ ભગવાન જેવો છે, તેને અવસ્થામાં આ રાગ-દ્વેષ-મોહના વિકારરૂપ ભાવરોગ શો? અને આ સંયોગની ઉપાધિ શું?-એમ આત્માની દરકાર કરીને, જેણે આત્મસ્વભાવની દ્રષ્ટિ અને સ્થિરતા પ્રગટ કરી ભાવરોગને દૂર કર્યો છે તેને સ્વાસ્થ્ય કહેવાય છે.

તીર્થંકર ભગવાનની સ્તુતિ કરતાં **लोगस्स** માં કહે છે કે - **आरूग्ग बोहिलाभो, समाहि वरमुत्तमं दिंतु** અર્થાત્ હે ભગવાન! મને આરોગ્ય તેમજ બોધિનો લાભ અને સમાધિના ઉત્તમ વર આપો. ત્યાં આરોગ્ય એટલે આત્માના ભાવ આરોગ્યની ભાવના છે, પણ તેનું જેને ભાન નથી એવા અજ્ઞાનીઓ શરીરની નીરોગતાની ભાવના કરે છે. મારો સ્વભાવ વિકારરહિત નીરોગ છે ને આ વિકાર તે રોગ છે-એમ હું જાણું છું, માટે હે ભગવાન! મારા આત્મામાંથી વિકાર રોગ ટળી જાઓ ને વીતરાગભાવરૂપ આરોગ્ય પ્રાપ્ત થાઓ, આત્માની આરોગ્યદશા તેમ જ બોધિ અને સમાધિ મારે જોઇએ છીએ,-એવી તેમાં ભાવના છે. લોકો રેકર્ડની માફક શબ્દો બોલી જાય છે. પણ તેનો ભાવ સમજતા નથી.

અહો, આ શરીર તો અહીં પડયું રહે છે ને અંદર જાણનારો જીવ છે તે તો બીજે ચાલ્યો જાય છે, તે દેહથી ભિન્ન તત્ત્વ છે. જેના નીકળી ગયા પછી આ શરીરને બાળી નાખવામાં આવે છે તે ચીજ શું છે? તે ઓળખવું જોઇએ. આ શરીરના આંખ-કાન વગેરે તો જડ છે, તે કાંઇ જાણતાં નથી, અંદરથી પ્રકાશમય ચૈતન્ય રત્ન ચાલ્યું જાય છે તે કોણ છે?-એ પ્રમાણે દેહથી ભિન્ન ચૈતન્યમૂર્તિ આત્માની ઓળખાણ કરીને અંતરમાં તેના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર જેણે પ્રગટ કર્યા તેને સમતા અને આરોગ્ય છે. ઘરમાં રોગ થાય ત્યાં લોકો કહે છે કે હવે રોગના ખાટલા ઉપાડો. તેમ આત્મામાં અનાદિકાળથી અજ્ઞાન ભાવનો રોગ લાગુ પડયો છે, તે રોગના ખાટલા કઇ રીતે ઊપડે? તેની આ વાત છે. રાગ - દ્વેષ અને શરીર વગેરેને મારાં માનીને હું અનંતકાળનો રોગી હતો, હવે હું સમ્યક્ શુદ્ધ ચિદાનંદમૂર્તિ જ્ઞાતા છું, રાગનો અંશ કે શરીરની ક્રિયા મારું સ્વરૂપ નથી-

આવું યથાર્થ ભાન પ્રગટ કરીને જેણે અજ્ઞાનનો નાશ કર્યો, તેણે અનાદિકાળના રોગનો ખાટલો ઉપાડયો, અને આત્માનું ખરું સ્વાસ્થ્ય પ્રાપ્ત કર્યું.

ભાઈ, તેં શરીરના સ્વાસ્થ્યની ચિંતા તો અનંતવાર કરી, છતાં એક પણ શરીર તારું રાખ્યું રહ્યું નથી. હવે એકવાર અંતરમાં તો જો. અંતરમાં દેહથી ભિન્ન તારું ચૈતન્યતત્ત્વ છે તેની સંભાળ કરીને તારા અનાદિના મિથ્યાત્વરોગના ખાટલાને હવે ઉપાડ. અહો, હું સિદ્ધ ભગવાનની જાતનો આત્મા છું. અને મારા ચૈતન્યમાં આ મંદવાડ શા ?–આ રાગ–દ્વેષ–મોહ શા ? મારા રોગની નાડ પકડનાર પણ હું છું ને તે રોગને ટાળનાર પણ હું જ છું. આત્માથી બહાર કાંઈ આત્માનો રોગ ટાળવાનો ઉપાય નથી. પોતાની અવસ્થાના રોગને જાણીને આત્માના ત્રિકાળ શુદ્ધ નીરોગ સ્વભાવ તરફ વીર્યબળને વાળ્યું ત્યાં અવસ્થાનો રોગ ટળી ગયો અને સ્વાસ્થ્ય પ્રગટ થયું, અર્થાત્ નિર્મળ વીતરાગી દશા પ્રગટી તે જ સમાધિ છે. એ સિવાય શ્વાસને ઊંચે ચડાવી દેવાની ક્રિયામાં કાંઇ સમાધિ નથી.

એક નાટકનો ભવાયો બાવો થઇને શ્વાસ ઊંચે ચડાવી ગયો, પણ શ્વાસ પાછો કેમ ઉતારવો તે ન આવડયું. બાર વરસ પછી 'થઇ–થઇ' કરતો ઊઠયો. આમ શ્વાસ ચડાવી જાય તે કાંઈ સમાધિ ન કહેવાય. ચૈતન્યના ભાન પછી જ્ઞાતાદૃષ્ટાપણે આત્માની શાંતિમાં લીનતા પ્રગટે તે સમાધિ છે અને યોગ પણ તે જ છે કેમકે તેમાં જ્ઞાનના ઉપયોગનું આત્મા સાથે જોડાણ થયું તેથી તે યોગ છે.

આધિ, વ્યાધિ અને ઉપાધિરહિત આત્માનું ભાન થઇને રાગરહિત એકાગ્રતા પ્રગટ થાય તે દશાને ભગવાન સમાધિ કહે છે. જો હું ન હોઉં તો મારા જ્ઞાન વગર આ બધું જણાય કયાં ? જાણનાર દેખનાર ચૈતન્યસ્વભાવી હું જો મોખરે ન હોઉં તો આ શરીર વગેરે બધી ચીજોને જાણે કોણ ? હું તે બધાથી જુદો મારી ચૈતન્ય સત્તામાં રહીને તેનો જાણનાર છું. એ પ્રમાણે પરથી ભિન્ન સ્વની મુખ્યતા કરીને આત્માને ઓળખવો અને અનુકૂળતા પ્રતિકૂળતામાં શાંતિ રાખવી તે સમાધિ છે, અને તે જ યોગ છે. યોગ એટલે જોડાણ. જ્ઞાનનું આત્માના પવિત્ર સ્વરૂપમાં જોડાણ કરવું તેનું નામ યોગ છે. ચૈતન્યસ્વભાવને ભૂલીને અનાદિથી પરમાં અને વિકારમાં પોતાપણું માનીને તેમાં જોડાય છે, તેને બદલે પરથી તેમ જ વિકારથી ભિન્ન ચૈતન્યસ્વભાવને જાણીને તેમાં જોડાણ કરે–એકાગ્રતા કરે–તે યોગી છે. રાગ તે હું એમ માનીને જ્ઞાનના ઉપયોગને રાગમાં એકાકારપણે જોડે તે મિથ્યાત્વ છે. અને મારો સ્વભાવ ત્રિકાળ રાગરહિત છે–એમ રાગથી જુદો પડીને ઉપયોગને ત્રિકાળી જ્ઞાનસ્વભાવમાં જોડવો તે યોગ છે. સમ્યગ્દર્શન તે પણ યોગ છે, કેમકે સમ્યગ્દૃષ્ટિ રાગને પોતાનો માનીને તેમાં એકાકારપણે જોડાતા નથી. ભરતચક્રવર્તી છ ખંડના રાજવૈભવમાં રહ્યા છતાં તે યોગી હતા. તેમને અસ્થિરતાના અલ્પ રાગ–દ્વેષ થતા હતા, પણ અંતર્સ્વભાવની દૃષ્ટિમાં સંયોગનો તેમ જ રાગદ્વેષનો અભાવ હતો; દૃષ્ટિનું જોડાણ ચૈતન્યસ્વભાવમાં હતું તેથી તે યોગી હતા. માણસ હોય ને સિંહનું રૂપ ધારણ કરે તેને લોકો યોગનો પ્રતાપ કહે છે, પરંતુ આત્માના ભાન વગર યોગ કેવો ? માણસ થઈને તિર્યંચનું રૂપ ધારણ કર્યું તેમાં શો મહિમા ? માણસ મટીને તિર્યંચનું રૂપ કરવું તેમાં જો યોગનો પ્રતાપ હોય, તો તો માણસ મરીને સાક્ષાત્ તિર્યંચ થવું–તે સારું ગણાય ! પરંતુ એવો યોગનો પ્રતાપ નથી. યોગનો પ્રતાપ તો એને કહેવાય કે ચૈતન્યમાં એકાગ્ર થતાં પુરુષાર્થમાં સિંહ થાય, એટલે કે મોક્ષ તરફનું સ્વભાવવીર્ય પ્રગટ કરે. જેને પોતાના ચૈતન્યસ્વભાવનું ભાન નથી અને રાગમાં લાભ માની રહ્યો છે તે ભલે ત્યાગી હોય તોપણ જ્ઞાની તેને યોગી કહેતા નથી, કેમકે તેણે પોતાના જ્ઞાનને આત્મા સાથે જોડયું નથી પણ રાગ સાથે જોડયું છે. જેણે પોતાના રાગરહિત ચૈતન્યતત્ત્વનું ભાન કરીને જ્ઞાનને આત્મા સાથે જોડયું છે તે જ યોગી છે, તથા તેને જ ચિંતાનિરોધ છે. હું પરના કામ કરું, પરને લીધે મને લાભ–નુકસાન થાય એમ માનીને અજ્ઞાની જીવ આત્માને ભૂલીને પરની ચિંતામાં અટકયો છે. કોઇ પરથી મારા આત્માને લાભ નુકસાન થતું નથી, ને પરનાં કામ હું કરી શકતો નથી–એમ અંતરમાંથી બાહ્ય ચિંતા ટાળીને સ્વસન્મુખ સ્વભાવની દશા પ્રગટ કરે તે ચિંતાનિરોધ છે, તેને સામ્ય કહો,– સ્વાસ્થ્ય કહો, સમાધિ કહો, યોગ કહો કે શુદ્ધોપયોગ કહો, એ બધાં નામો એકાર્થવાચક છે. વળી એ જ ધર્મ છે ને એ જ મોક્ષમાર્ગ છે. પ્રતિકૂળ પ્રસંગ વખતે કષાયની મંદતાથી પુણ્યપરિણામ રાખે તે ખરેખર સમતા નથી

પણ ચૈતન્યસ્વભાવથી વિષમ પરિણામ છે. આત્માના સ્વભાવની શ્રદ્ધા તથા જ્ઞાન કરીને રાગરહિત જ્ઞાતાપણે રહેવું તેને ભગવાન સમતા કહે છે, શુદ્ધોપયોગ વગેરે પણ તે જ છે. રાગમાં એકાગ્ર થતો તે અશુદ્ધ ઉપયોગ હતો, રાગ અને સ્વભાવનું ભેદજ્ઞાન કરીને સ્વભાવમાં એકાગ્ર થયો તે શુદ્ધોપયોગ છે.

આ રીતે સામ્ય, સ્વાસ્થ્ય, સમાધિ, યોગ, ચિંતા–નિરોધ, શુદ્ધોપયોગ તેમ જ ધર્મ–એ બધા જુદા જુદા નથી પણ આત્માની નિર્મળ અવસ્થાના જ તે બધા નામો છે. આ એકત્વ અધિકાર છે એટલે આત્માના પરથી ભિન્ન એકત્વસ્વભાવને જાણીને દ્રવ્ય–પર્યાય અભેદ થયા, તેમાં સામ્ય, સ્વાસ્થ્ય વગેરે બધા બોલ આવી જાય છે, તે જ મોક્ષનું કારણ છે.

–મહિકા ગામમાં વૈશાખ સુદ ૪ ના રોજ
પદ્મ. એકત્વ અધિકાર ગા. ૬૫ ઉપર
પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન.

# ખરી મહત્તા શેમાં છે ?

આ મોંઘો મનુષ્યદેહ પામીને જો દેહ અને આત્માના જુદાપણાનો વિવેક કરે તો તેની સાર્થકતા ગણાય. આત્માના ભાન વિના સંસારમાં ચાર ગતિના અવતારમાં જીવ અનેક પ્રકારના દુઃખ ભોગવે છે. દરેક જીવનો પોતાનો સ્વભાવ સિદ્ધભગવાન જેવો છે. પણ જીવને પોતાના આત્માની મોટાઇ–મહત્તા ભાસતી નથી અને શરીર, પૈસા વગેરે પરની મહત્તા ભાસે છે તથા તેનાવડે તે પોતાની મહત્તા માને છે. પરંતુ ખરેખર તેમાં કયાંય આત્માની મહત્તા નથી. આત્માની ખરી મહત્તા શેમાં છે ? તેનો આ શિક્ષાપાઠ શ્રીમદ્ રાજચંદ્રજીએ સોળ વર્ષની ઉંમરે લખેલો છે.

કેટલાક લોકો લક્ષ્મીથી મહત્તા માને છે, કરોડો રૂપિયા હોય તો જાણે કે હું મોટો સુખી થઈ જાઉં– એમ લક્ષ્મીવડે આત્માની મહત્તા માને છે એટલે તેની મમતા કરીને તે માટે ઝાંવા નાંખે છે. અને લક્ષ્મી મેળવવા માટે અનેક પ્રકારના પાપ કરે છે. પરંતુ યથાર્થપણે વિચારતાં જડ–લક્ષ્મીમાં આત્માની મહત્તા નથી ને તેમાં સુખ નથી. અનાદિથી ચૈતન્યની મહત્તા ચૂકીને જડમાં મહત્તા માની છે. અહો, પોતાના પરમ મહિમાવંત જ્ઞાનસ્વભાવને ચૂકીને જીવો પરની મહત્તા અને મમતા કરે છે, તેથી જ તે દુઃખી છે. લક્ષ્મીથી આત્માની મહત્તા છે નહિ પણ અજ્ઞાની માને છે.

વળી કેટલાક જીવો મહાન કુટુંબથી પોતાની મહત્તા સમજે છે. પરંતુ ભાઈ ! કુટુંબ સારું થયું તેમાં તારા આત્માને શું ? કુટુંબ કાંઇ આત્માની સાથે આવતું નથી. જે આત્માએ જેવા ભલા કે ભૂંડા ભાવ કર્યા તેવા ભાવને સાથે લઇને તે ચાલ્યો જાય છે. જીવ અશુભ ભૂંડા ભાવ કરે તો કાંઇ મોટું કુટુંબ તેને નરકમાં જતું અટકાવી દયે–એમ નથી. વળી કોઇ જીવો પુત્રથી કે અધિકાર વગેરેથી આત્માની મહત્તા માને છે. પરંતુ એ બધા તો આત્માથી ભિન્ન છે, તે કોઇ આત્માની સાથે આવે તેમ નથી. તેથી તેનાવડે ખરેખર આત્માની મહત્તા નથી.

પોતાના આત્માની મહત્તા શેમાં છે એનો જીવે કદી વિચાર પણ કર્યો નથી. હું કોણ છું અને મારી મહત્તા શેમાં છે ?–એ વાતનો વિવેક કરવાનો અવસર આ મનુષ્યભવમાં છે. અજ્ઞાનીઓ જેમાં મહત્તા માને છે તેમાં ખરેખર વિવેકથી જોતાં મહત્તા નથી પણ લઘુતા છે. પૈસા, સ્ત્રી વગેરેમાં સુખ માનીને તેની મમતા કરે તેનાથી પાપ બંધાય છે, અને તે પાપવડે તો આત્માની લઘુતા છે. આત્માનો મહિમા ભૂલીને બહારના પદાર્થોથી મહત્તા માની તેને તો પરની મમતાને લીધે પાપની ગુરુતા અને આત્માની લઘુતા થાય છે.

આત્માનો સ્વભાવ પરિપૂર્ણ સત્ ચિત્–ને આનંદમય છે. પોતાના જ્ઞાનાનંદસ્વભાવના મહિમાને ભૂલીને, પરવસ્તુની ઓશિયાળ કરે છે અને તેનાથી મહત્તા માને છે તે તો આત્માની લઘુતા છે. જેમ ચક્રવર્તી મહારાજા ઘરે ઘરે ભીખ માંગે તે તેને શોભે નહિ તેમ આ ચૈતન્યચક્રવર્તી ભગવાન આત્મા પોતાના સ્વભાવનું સુખ ભૂલીને પરમાંથી સુખ લેવા માંગે તે તેને શોભતું નથી, તેમાં તો તેની હીનતા થાય છે. અનાદિથી જીવ પરવસ્તુથી – પૈસા, સ્ત્રી, શરીર વગેરેથી પોતાની મોટપ માની રહ્યો છે, પણ પોતાનો મહિમા સિદ્ધ ભગવાન જેવો છે તેને જાણતો નથી. જો પોતાના આત્માનો મહિમા ઓળખે તો

અંતરમાંથી પરનો મહિમા ટળી જાય. આ મનુષ્યભવમાં પહેલાં આત્માનો વિવેક થવો જોઇએ કે અહો, મારો અનંત મહિમા તો મારા ઘરમાં જ છે, મારો મહિમા બહારની ચીજથી નથી. અનંતા તીર્થંકરો, સંતો તેમ જ શાસ્ત્રોએ પણ મારા આત્માના સ્વભાવનો જ મહિમા ગાયો છે, એવો મારો મહિમા છે. આમ પોતાના સ્વભાવની મહત્તા સમજે તો તે જીવ પુણ્યમાં કે તેના ફળમાં આત્માની મહત્તા માને નહિ.

ખાવા–પીવાનું મળે, નોકરો મળે, વૈભવ મળે – તેનાથી આત્માની મહત્તા છે એમ અજ્ઞાની માને છે, પરંતુ તેટલાથી ખરેખર આત્માની શોભા નથી. તે કોઇ ચીજો આત્માની નથી, માટે તેનાથી આત્માની મહત્તા માનવી જોઇતી નથી. બાપુ ! આ માનવભવ પામીને કાંઇક સત્સમાગમ કરો, વિવેક કરો, આત્માની ઓળખાણ કરો. લક્ષ્મી મેળવવા માટે અનેક પ્રકારે પાપ–પ્રપંચ થાય, અને મળ્યા પછી, તેનાથી મહત્તા માની હોવાથી તેનું અભિમાન થાય, કોઇને તો મૂઢતા આવી જાય છે, તથા કોઇ ગાંડા થઇ જાય છે. અને એ પાપ ભાવવડે તો જીવને દુર્ગતિનાં દુઃખ ભોગવવા પડે છે. જામનગરમાં એક ગરીબ બાઇને લોટરીમાં મોટું ઇનામ મળ્યું. તે ઇનામ મળવાના સમાચાર સાંભળ્યા ત્યાં તો તે હરખને લીધે ગાંડી થઇ ગઇ. જુઓ, મમતા ! અહા ! અંદર ચૈતન્ય ભગવાન પડયો છે પણ તેને ભૂલીને જીવ બહારમાં મૂર્છાઇ રહ્યો છે. પૈસા માટે પાપ કરવા ચોવીસ કલાક વખત કાઢે છે, પણ નિવૃત્તિ લઇને આત્માને સમજવા માટે બે–ચાર કલાક સત્સમાગમનો વખત લેતો નથી.

આ શરીર પણ આત્માનું નથી તો પછી તદ્ન જુદાં એવાં સ્ત્રી–પુત્ર–લક્ષ્મી વગેરે તો આત્માના કયાંથી હોય ? આ શરીર તો અહીં પડયું રહેશે, તેની રાખ થશે અને ચૈતન્ય આત્મા બીજે ચાલ્યો જશે. આત્મા જાણનાર છે, તે દેહથી ભિન્ન છે. આવા આત્માની ઓળખાણ કરવી તેમાં જ ખરી મહત્તા છે, એ સિવાય લક્ષ્મી–પુત્ર–કુટુંબ કે જગતની માન–મોટાઇ વગેરેમાં કયાંય આત્માની મહત્તા નથી. ઊલટું તેમની મમતાથી તો પાપ વધે છે અને પાપવડે તો આત્માની નીચગતિ થાય છે. શિકાર કરે, પરસ્ત્રી સેવે, મધ–માંસ ખાય, દારૂ પીએ વગેરે મહા પાપ કરનારા નીચે નરકગતિમાં જાય છે; અને વિશેષ માયા–મમતા વગેરે પાપ કરનાર ઢોર તિર્યંચ થાય છે, તે ઢોર અને નરક બંને નીચગતિ છે. માટે તેનાથી આત્માની મહત્તા નથી. બાપુ ! તને તારી કિંમત ભાસતી નથી અને બહારથી પોતાની મહત્તા માની લીધી છે. લક્ષ્મી વગેરે પામીને કોઇ દાનાદિ કાંઇક શુભભાવ કરે તો તેટલાથી પણ આત્માની ખરી મહત્તા નથી.

આત્માની મહત્તા તો સત્યવચનથી છે. સત્યવચન એટલે શું ? જેણે વસ્તુસ્વરૂપનું સાચું ભાન ન હોય તે સત્યવચન બોલી શકે નહિ. સત્યવસ્તુ શું છે તેનું ભાન હોય તો સત્યવચન કહેવાય. શરીરને પોતાનું માને, પરની ક્રિયા હું કરું એમ માને, રાગથી ધર્મ માને – તે સત્ય કહેવાય નહિ. શરીરથી ભિન્ન આત્મા શું છે ? રાગરહિત આત્માનો સ્વભાવ શું છે ? તે સમજે, તેમ જ શરીરની ક્રિયાથી કે રાગથી આત્માનો ધર્મ થતો નથી – એમ સમજે તો સત્ય કહેવાય. અને એવા સત્યવડે જ આત્માની મહત્તા છે. જેને ભિન્ન ભિન્ન આંકડાની અને અક્ષરની જ ખબર ન હોય તે નામું લખી શકે નહિ, તેમ હું કોણ ને પર કોણ–એમ સ્વ–પરની ભિન્નતાના ભાન વગર ખરેખર સત્ય હોય નહિ. અને સત્ય વગર આત્માની મહત્તા નથી. આત્માની સાચી સમજણ કરીને ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન પ્રગટ કરવું તેમાં જ આત્માની મહત્તા છે. એના વડે જ જીવનું સંસારપરિભ્રમણ ટળીને તેની મુક્તિ થાય છે. આવા આત્મભાન સહિત શુદ્ધ મુનિવરોએ આત્માની જે મહત્તા મેળવી છે તેવી મહત્તા બ્રહ્મદત્ત જેવા ચક્રવર્તીએ પણ લક્ષ્મી, કુટુંબ, પુત્ર કે અધિકારથી મેળવી નથી આ મનુષ્યપણું પામીને સત્સમાગમે આત્માની મહત્તાને ઓળખો. આત્માની ઓળખાણ કરે તો આત્માની મહત્તા પ્રગટે, ને મનુષ્યભવ સાર્થક કહેવાય. એ સિવાય બીજામાં આત્માની મહત્તા નથી.

- વીર સં. ૨૪૭૫ ના ફાગણ વદ ૮ ના રોજ પીઆવા ગામમાં પૂ. ગુરુદેવશ્રીએ કરેલા વાંચનમાંથી.
( શ્રીમદ્ રાજચંદ્રકૃત મોક્ષમાળા-પાઠ ૧૬ )

આ અધિક અષાઢ માસનો ‘આત્મધર્મ’નો અંક પ્રસિદ્ધ કરવાનું ખર્ચ અમરેલીવાળા દેસાઇ મોહનલાલ ત્રિકમજીભાઈ તરફથી આપવામાં આવ્યું છે. તેમણે ‘આત્મધર્મ’ માસિક શરૂ કરવા માટે પ્રથમથી સારો પ્રેમ બતાવેલ છે. તેમ જ તેના અધિક માસના અંક પોતાના તરફથી પ્રસિદ્ધ કરાવે છે. ‘આત્મધર્મ’ માસિક પ્રત્યેની તેમની આ શુભ લાગણી માટે આભાર માનવામાં આવે છે,

# ભવનો પાર પામવા માટે અપૂર્વ ભેદવિજ્ઞાન પ્રગટ કરો

## ( ૧ ) વિકાર કયાં થાય છે અને કેમ ટળે ?

આત્મા અનાદિ અનંત જ્ઞાનસ્વરૂપી પદાર્થ છે. તેની વર્તમાન અવસ્થામાં પોતાની ભૂલથી વિકાર છે. તે વિકાર પરને કારણે થાય છે એમ અજ્ઞાની માને છે, તેથી તે વિકારને ટાળવાનો ઉપાય પણ બહારમાં માને છે. હજી વિકાર પોતાની અવસ્થામાં પોતે સ્વતંત્રપણે કરે છે–એટલું પણ જે ન સમજે તે જીવ વિકારને ટાળવાનો યથાર્થ ઉપાય કરી શકે નહિ. વિકાર હું કરું તો થાય છે અને ન કરું તો થતો નથી–એમ જો વિકાર કરવામાં પોતાની સ્વતંત્રતા માને તો તેને ટાળવામાં પણ સ્વતંત્રતા માને અને વિકારરહિત સ્વભાવના આશ્રયે તેને ટાળે. જેમ મોઢા ઉપરનો ડાઘ અરીસામાં દેખાય, ત્યાં કોઈ જીવ અરીસામાં જ તે ડાઘ માનીને અરીસાનો કાચ ઘસવા માંડે, તો તેથી મોઢા ઉપરનો ડાઘ નીકળે નહિ, કેમકે ડાઘ અરીસામાં નથી પણ મોઢા ઉપર છે. તેથી તે ડાઘને કાઢવાનો ઉપાય પણ અરીસામાં નથી, આમ જાણીને જો મોઢા ઉપર ઘસે તો ડાઘ નીકળી જાય. તેમ જીવની અવસ્થામાં જે વિકાર થાય છે તે કોઇ નિમિત્તને લીધે, શરીરની ક્રિયાને લીધે કે કર્મના ઉદયને લીધે થતો નથી પણ પોતાની જ અવસ્થાના દોષથી થાય છે, આમ ન સમજતાં નિમિત્તને લીધે, શરીરની ક્રિયાને લીધે કે કર્મને લીધે જો વિકાર માને તો વિકાર ટાળવા માટે તેણે પર સામે જોવાનું રહ્યું, એટલે તેનો વિકાર કદી ટળે નહિ. વિકાર મારા મૂળ સ્વરૂપમાં નથી તેમ જ કોઇ બીજાું મને વિકાર કરાવતું નથી, પણ મારી અવસ્થામાં મારા અપરાધથી જ વિકાર થાય છે–એમ જો સમજે તો સ્વભાવ તરફ વળીને તે વિકારને ટાળે.

## ( ૨ ) આરંભ-સમારંભનો અર્થ

જીવને ધર્મ કે અધર્મ પોતાની અવસ્થામાં થાય છે, કોઇ બહારની ક્રિયાથી ધર્મ કે અધર્મ થતા નથી. અધર્મ કયાંય બહારમાં–શરીરની ક્રિયામાં–રહેતો નથી. બહારની ક્રિયાથી અધર્મ થતો નથી, તેમ જ બહારની ક્રિયાથી અધર્મ ટળતો પણ નથી. લોકો કહે છે કે આરંભ–સમારંભ ઘટાડો; અને બહારની ક્રિયા થતી ન દેખાય તેને આરંભ–સમારંભ ઘટયો એમ તેઓ માને છે, પણ તે માન્યતા મિથ્યા છે. આરંભ–સમારંભ કયાં રહેતો હશે ?–આત્મામાં રહેતો હશે કે જડમાં ? આરંભ સમારંભ બહારની ક્રિયામાં નથી, પણ આત્માની અવસ્થામાં અજ્ઞાન અને રાગદ્વેષ થાય તે જ આરંભ અને સમારંભ છે. બહારમાં ત્યાગી થઇને શાંત બેઠેલો દેખાય, પણ અંદરમાં ‘આ દેહની ક્રિયા મારાથી થાય છે અને તેનાથી મને લાભ થાય છે અથવા શુભરાગથી મને લાભ થાય છે’ એવી મિથ્યા માન્યતા પડી છે, તો તે જીવ મોટા આરંભ અને સમારંભનો કર્તા છે, અને સમ્યગ્દ્રષ્ટિ જીવ છ ખંડનું રાજ અને છન્નું કરોડ પાયદળ વચ્ચે ઊભો હોય છતાં અંતરમાં એક રાગના અંશને પણ પોતાનો માનતો નથી, તે જીવ મિથ્યાત્વરૂપી અનંત આરંભ–સમારંભનો ત્યાગી છે. હજી આરંભ – સમારંભ કોને કહેવો, તે વાત પણ લોકોએ સાંભળી નથી, અને બધું બહારથી માની લીધું છે. અંતરનો માર્ગ છે તે એકકોર રહી ગયો છે. આ અંતરની અપૂર્વ વાત ધીરા થઇને સમજવી જોઇએ.

## ( ૩ ) અપૂર્વ સમ્યગ્દર્શન કળા

જ્યાં અધર્મ હોય ત્યાં તે પલટીને ધર્મ થાય છે. અધર્મ કયાં થાય છે ? અધર્મ આત્માની હાલતમાં થાય છે. હજી અધર્મ કયે ઠેકાણે થાય તે પણ જીવોએ કદી વિચાર્યું નથી. જો બહારમાં અધર્મ થતો હોય તો આત્મા તેને કદી છોડી શકે નહિ સ્વભાવની ભ્રાંતિથી અધર્મ આત્માની અવસ્થામાં થાય છે, અને અંતર્મુખ અવલોકતાં એટલે કે આત્માના સ્વભાવના ભાનથી તે અધર્મ ટળીને ધર્મ થાય છે. સૌથી પહેલી સમ્યગ્દર્શન કળા કેમ પ્રગટે તેની આ વાત છે. આવું ભાન પ્રગટ કર્યા વગર કોઇ જીવને સાચા વ્રત, તપ, ચારિત્ર હોય નહિ; સૌથી પહેલાં સમ્યગ્દર્શનરૂપી અપૂર્વ કળા પ્રગટ કર્યા વિના જીવ જેટલું કરે તે બધુંય રણમાં પોક સમાન અથવા તો એકડા વગરના મીંડા સમાન છે.

## ( ૪ ) ભૂલને ભાંગે તેની બલિહારી

જાુઓ ભાઈ ! આ અપૂર્વ વાત છે; આ વાત ઝટ સમજમાં ન આવે તો વિશેષ પરિચય કરવો જોઇએ. પણ આ સમજ્યા સિવાય બીજા રસ્તે આરો આવે તેમ નથી. સત્યનો વિરોધ તો જગતના જીવો અનાદિથી કરતા જ આવ્યા છે, અને વર્તમાનમાં પણ તે પ્રમાણે કરે તો એ કંઇ નવું નથી. પણ સત્સમાગમ પામીને અંતરનો પુરુષાર્થ પ્રગટ કરીને અનંતકાળની તે ભૂલને

જે ભાંગે તેની બલિહારી છે. જીવ અનંતવાર સંતો પાસે જઈ આવ્યો અને તેમના ઉપદેશનું શ્રવણ કર્યું, પણ અંતરમાં પાત્ર થઇને પોતે ન સમજ્યો. ત્યાં સંતોની હાજરીથી એને શું લાભ? જીવ પોતે પાત્ર થઇને ન સમજે, તો શું પર કોઇ તેને સમજાવી દેવા સમર્થ છે? પોતે જાતે સમજે તો ભૂલ ટળે.

## (૫) ભૂલ અને ભગવાન

જીવની અવસ્થામાં ભૂલ અનાદિથી છે, છતાં આખો જીવસ્વભાવ તે ભૂલ સાથે એકમેક થઇ ગયો નથી. ભૂલ અનાદિથી હોવા છતાં તે એક સમયપૂરતી જ છે. એકેક સમયે નવી નવી ભૂલ કરીને અનંતકાળ ભૂલમાં કાઢયો છે. અવસ્થાની ક્ષણિક ભૂલ ત્રિકાળી નિર્દોષ સ્વભાવનો નાશ કરવા સમર્થ નથી. ભૂલ વખતે પણ અંદરમાં ભૂલને ભાંગનાર ભગવાન પડયો છે. એક સમયના દોષને ગૌણ કરીને ત્રિકાળ એકરૂપ રહેનાર સ્વભાવ તરફ જુએ તો ભૂલ રહે નહિ. ભગવન્! તારા ચૈતન્ય સ્વભાવની જાતને જાણ્યા વિના બહારથી તને શાંતિ આવે તેમ નથી. તારા સ્વભાવનો મહિમા તો સાંભળ! તારી વર્તમાન હાલતને પર તરફ ન વાળતાં, સ્વ તરફ વાળીને આત્મસ્વભાવ સાથે એકતા પ્રગટ કર. અંતરમાં એકત્વ પરમ શાંત ઉપશમરસનો કંદ તારો આત્મા છે, તેની દ્રષ્ટિ અને આશ્રય કરીને વિકલ્પને છોડ, તો તારામાં જ શાંતિ ભરી છે તેનો પ્રગટ અનુભવ થાય.

## (૬) બધા આત્મા ભગવાન છે

બધા આત્માઓ આ વાત સમજી શકે છે. બધાનો આત્મા સરખો છે. આ પુરુષ કે સ્ત્રીનું શરીર દેખાય છે તે તો જડ છે, હું તે જડ શરીરરૂપે થઇ ગયો નથી, હું તો આત્મા છું, મારો જ્ઞાનસ્વભાવ છે, અને મારામાં પૂરેપૂરું સમજવાની તાકાત ભરી છે.– આવું લક્ષ રાખીને શ્રવણ કરવું જોઇએ. જેમ સોનાની ૧૦૦ લગડી હોય, તેના ઉપર જાુદી જાુદી છાપવાળાં ને જાુદા જાુદા રંગના નાના મોટા લૂગડાં વીંટયાં હોય. તેથી કાંઇ તે લગડીનું સોનું લૂગડાંપણે થઈ જતું નથી, અને ઉપરના લૂગડાંના ભેદથી કાંઇ લગડીમાં ભેદ પડી જતો નથી. લૂગડાની અંદર બધી લગડી એક સરખી છે. તેમ આ દેહ–દેવળમાં ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ધાતુ છે. તે ઉપરના ચામડાના શરીરના નાના મોટા આકારથી નાનો મોટો થઇ જતો નથી. બધા આત્મા દેહથી ભિન્ન, સિદ્ધ ભગવાન જેવા સ્વભાવે છે. કોઇને નાનું શરીર, કોઇને મોટું શરીર, કોઇ કાળું, કોઇ ઊજળું, કોઇ જાડું, કોઇ પાતળું, કોઇને પુરુષનું શરીર ને કોઇને સ્ત્રીનું–એમ શરીરના જાુદા જાુદા પ્રકારો સંયોગપણે હોવા છતાં અંદર આત્મા જાુદા જાુદા પ્રકારનો નથી, બધા આત્માનો સ્વભાવ એક જ પ્રકારનો છે, બધા ચિદાનંદ પ્રભુ છે. પોતાનો સ્વભાવ પોતાને ભરોસામાં આવતો નથી. સ્વભાવના વિશ્વાસ વિના બીજા રસ્તે શાંતિ હાથ આવે તેમ નથી.

## (૭) ધર્મી જીવનું ભેદવિજ્ઞાન

હું રાગરહિત પરિપૂર્ણ જ્ઞાનાનંદ છું–એમ પોતાના સ્વભાવનું ભાન થયા પછી પણ નીચલી ભૂમીકામાં ધર્મીને રાગ–દ્વેષ થાય ખરા, પણ તે વખતે જ તેનાથી ભિન્નપણાનું ભાન છે. રાગ વખતે ય સ્વભાવમાં એકતા અને રાગથી ભિન્નતા–એવું ભેદજ્ઞાન તેમને વર્તે છે, તેથી તેમનું જ્ઞાન ક્રમેક્રમે ચૈતન્યસ્વભાવમાં એકત્વરૂપ થતું જાય છે અને રાગદ્વેષ ટળતા જાય છે. પણ રાગ–દ્વેષથી જાુદો ચૈતન્યસ્વભાવ જાણ્યા વિના કદી અજ્ઞાન કે રાગદ્વેષ ટળે નહિ.

## (૮) સાચી સમજણથી જ અલ્પકાળે ભવસમુદ્રથી ઉગારો

આ સમ્યગ્જ્ઞાનનો ઉપાય કહેવાય છે, અને એ જ મુક્તિનો રસ્તો છે. આ સિવાય પોતાના સ્વચ્છંદે બીજા કોઇ ઉપાયે પત્તો ખાય તેમ નથી. જો સોયમાં દોરો પરોવેલો હોય તો તે ખોવાય નહિ, તેમ અનંતકાળે આ મનુષ્ય અવતાર પામીને જો આત્મામાં સાચી સમજણરૂપી દોરો પરોવી લ્યે તો આત્મા સંસારમાં રખડે નહિ. ભલે કોઇ જીવ નિર્ધન હો કે નરકમાં પણ હો, પણ અપૂર્વ સમજણ પ્રગટ કરીને જે આરાધક થયો તે જીવ એક બે ભવે આ સંસારથી છૂટી જશે. અહીં ઉપદેશમાં સાચી સમજણની મુખ્યતા છે. ભલે ત્યાગ વગેરે ન થઇ શકે, પણ જો અંતરમાં સાચી સમજણ ટકાવી રાખશે તો તે જીવને અલ્પકાળે ભવનો આરો આવી જશે. પણ સાચી સમજણ વગર તો અનંતકાળે પણ ભવથી ઉગારો થાય તેમ નથી. કૂવે પાણી ભરવા જનારી બાઇ ઘડો અને દોરડું બધું કૂવામાં નાંખે છે, પણ દોરડાની ગાંઠ તો હાથમાં રાખે છે. તેથી તે ઘડો, દોરડું તેમ જ પાણી બહાર કાઢે છે. પણ જો ગાંઠ છોડી દે તો કાંઇ હાથમાં આવે નહિ. તેમ આત્માને ચોરાશીના કૂવામાંથી બહાર કાઢવા માટે સમ્યક્ શ્રદ્ધારૂપી ગાંઠને બરાબર પકડી રાખવી જોઇએ. રાગ–દ્વેષ થવા

છતાં સ્વભાવની શ્રદ્ધારૂપી ગાંઠ જો બરાબર પકડી રાખે તો તે શ્રદ્ધાના જોરે રાગદ્વેષને પણ ટાળીને આત્માને ચોરાશીના કૂવામાંથી અલ્પકાળે બહાર કાઢે છે. અનંતકાળમાં જે એક સેકંડ પણ નથી કરી એવી અપૂર્વ સાચી સમજણનો મહિમા લોકોને આવતો નથી.

ભગવાનના સમવસરણમાં જઈને દિવ્યધ્વનિ સાંભળવા છતાં પોતે સાચી સમજણ પ્રગટ ન કરી, તેથી રખડયો. ભગવાન પરને જાણી શકયા, પણ કોઇ પરને તારી શકયા નહિ. સામા જીવનો એવો પરાધીન સ્વભાવ નથી કે ભગવાન તેને તારે. જે જીવો તરે છે તેઓ પોતાના સ્વભાવના પુરુષાર્થથી જ તરે છે, કોઇ કોઇને તારવા સમર્થ નથી.

### ( ૯ ) ભવના અભાવનો ભાવ

આ ગાથામાં પવનથી તરંગ થવાની વાત લીધી; જો કે તરંગ તો દરિયાના પાણીની પોતાની લાયકાતથી જ ઊઠે છે, પણ તે મૂળ સ્વભાવ નથી માટે નિમિત્તથી થવાનું કહ્યું છે, તેમ આત્મામાં પણ જે વિકાર થાય છે તે તેનો મૂળ સ્વભાવ નથી તેથી કર્મના નિમિત્તથી થવાનું કહેવાય. ખરેખર કાંઇ નિમિત્તોને લીધે વિકાર થતો નથી પણ જીવની યોગ્યતાથી જ થાય છે. પણ તે વિકાર જીવનો સ્વભાવ નથી માટે 'કર્મના નિમિત્તથી થાય છે' એમ ઉપચારથી કહેવાય છે. આમ જાણીને વિકલ્પની રુચિના અભાવમાં, ને સ્વભાવની રુચિની લીનતાના ભાવમાં રહેવું તેને ભગવાન ભવના અભાવનો ભાવ કહે છે.

### ( ૧૦ ) જગતને સત્ય સમજ્યે છૂટકો છે

હું પર પદાર્થોથી તો ત્રિકાળ જાુદો છું, ને વિકાર પણ મારો સ્વભાવ નથી. અવસ્થામાં વિકાર હો, પણ તે મારા ત્રિકાળી હોવાપણામાં નથી. વિકારને લીધે મારા સ્વભાવનું અસ્તિત્વ ટકેલું નથી–આવું ધર્મીને ભાન છે. શરીર વગેરે પરવસ્તુની આત્મામાં એક ક્ષણ પણ હયાતી નથી, તેનું તો અસ્તિત્વ જ આત્માથી જાુદું છે, તે વસ્તુ જ જાુદી છે. પણ શરીરાદિની માફક વિકાર કાંઇ આત્માથી ભિન્ન કોઇ સ્વતંત્ર વસ્તુ નથી, વિકારની હયાતી આત્માની જ ક્ષણ પૂરતી અવસ્થામાં છે. તેનું અસ્તિત્વ આત્માથી ભિન્ન કયાંય બીજે નથી. આત્મામાં તે ક્ષણિક થાય છે, પણ આત્માનો મૂળ કાયમી સ્વભાવ નથી. એ રીતે સ્વભાવ ભેદે ભેદ છે. આત્મા સ્વભાવમાં વિકારનો અભાવ છે. આમ યથાર્થ જાણે તો સ્વભાવના આશ્રય દ્વારા વિકારને ટાળી શકાય છે. આ જ ઉપાયથી મુક્તિ થાય છે. ભવનો પાર પામવા માટે જગતના જીવોને તે ઉપાય સત્સમાગમે સમજ્યે છૂટકો છે.

-પદ્મ. એકત્વ અધિકાર, ગા. ૨૬ માગસર વદ ૧૩ ચૂડા શહેરમાં પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી.

## પ્રયોજનભૂત રકમ

પ્રયોજનભૂત રકમ એટલે કે મુદ્દાની રકમ તો ન સમજે અને બીજાું બધું કરે તો તે યથાર્થજ્ઞાન નથી. પ્રયોજનભૂત રકમ ન કબૂલે પણ બીજાું કબૂલે એ ઉપર એક દ્રષ્ટાંત :–

એક હતો 'આપો'. કોઇ એક વાણીયાની દુકાનેથી આપાયે ૫૦૦–૭૦૦ રૂપિયાનો માલ તથા રોકડા ઉપાડયા હતા, પછી લાંબે ટાઈમે નામાનો હિસાબ મેળવવા બેઠા. વાણીયો એક પછી એક રકમ બોલવા માંડયો કે આપા ! આ બે શ્રીફળના ચાર આના, બરાબર ? તો આપો કહે 'હા બરાબર'. એ રીતે પાશેર મરચાં, સવાશેર તેલ, અઢીશેર ચોખા વગેરે પરચુરણ રકમો કબૂલી; પછી જ્યાં મોટી રકમ આવી કે રૂ. ૨૫૦ રોકડા લીધા છે. ત્યાં આપો કહે–'હેં....એ તો જાણે છે જ કોણ ? મેં તો લીધા નથી.' આપાએ નાની નાની રકમ કબૂલી અને મૂળ રકમ ઉડાડી. વાણીયો સમજી ગયો કે ગજબ થઇ ! મૂળ રકમ ઉડાડી, હવે આને ચોપડામાંથી કાઢવો શી રીતે ? વળી આગળ મેળવવા માંડયું તેમાં પાશેર હળદર વગેરે નાની નાની પાંચ સાત રકમ સ્વીકારી; પણ જ્યાં મોટી રકમ આવી કે રૂ.૫૧ ] રોકડા. ત્યારે કહે– 'અરે ભાઈ ! હું તો એ જાણતો જ નથી.' એમ મૂળ રકમ ઉડાડીને બીજી બધી કબૂલ કરી; પણ મૂળ રકમ કબૂલ કરી હોત અને નાની બે ચાર રકમ ઉડાડી હોત તો તો એટલું નફામાં સમાઇ જાત, પણ આ મૂળ રકમ જ ઉડાડી તેનો મેળ કયાં ખાય ? એ તો આપો ખૂટયો.

તેમ શાસ્ત્રોમાં બીજાની ભક્તિ કરવાની, દયા પાળવાની એવી એવી વાત આવે ત્યાં કબૂલ કરે કે હા મા' રાજ ! ભક્તિ વગેરે કરીએ તો 'ધર્મ થાય. એલા ! પણ 'ધર્મ' થાય' એમ કોણે કીધું ? ભક્તિથી ધર્મની

વાત કોણે કરી ? પરની દયા કે ભક્તિથી ત્રણકાળ ત્રણલોકમાં ધર્મ થતો નથી, આવી વાત આવે ત્યાં કહે કે એ વાત અમને ન બેસે ! એમ કહેનાર આપાએ (–આત્માએ) ઉપરના દ્રષ્ટાંતની જેમ પ્રયોજન ભૂત રકમ ઉડાડી છે. ભાઈ ! પુણ્યની રકમ કબૂલ કરી પણ તત્ત્વનો નિર્ણય ન કર્યો –તો તારાં દેણાં ખૂટશે શી રીતે ? દેણાનાં ભાર નીચે ચોરાશીમાં રખડી મરીશ. પુણ્યની વાત આવે તે કબૂલ કરી, દયાની વાત કબૂલી, પણ જ્યાં મૂળ રકમ આવી કે સાચા દેવ–ગુરુ–શાસ્ત્રના અને આત્માના યથાર્થ ભાન વિના ધર્મ થાય નહિ, –ત્યાં આપો (–આત્મા) ખૂટયો, મને તે વાત બેસતી નથી–એમ કહીને આપો (આત્મા) ફટ છટકી જાય. તો તે ભવ–ભ્રમણના ચોપડામાંથી નીકળે શી રીતે ? માટે મોક્ષમાર્ગમાં જરૂરની રકમનું સંશયરહિત તથા વિપરીતતા રહિત યથાર્થ જ્ઞાન જોઈએ; ઊંધું હોય તો ધર્મનો લાભ થાય નહિ.

**“મુક્તિનો માર્ગ” માંથી પૂ. ૬–૭**

# ચારિત્ર

કોઈ કહે કે ચારિત્ર એટલે શું ? તો તેને કહે છે કે ચારિત્ર બહારમાં નથી, ઉપકરણ કે વસ્ત્રમાં ચારિત્ર નથી; પણ, આત્મા અનંત ગુણનો પિંડ છે, તેનું જ્ઞાન કરીને તેમાં થંભી જવું તે જ ચારિત્ર છે. તે ચારિત્ર તો મુનિપણામાં હોય છે. પ્રથમ અતિચારરહિત આત્માની શ્રદ્ધા કર્યા પછી જ સ્વરૂપ રમણતારૂપ ચારિત્ર થાય છે. આત્મા અનંતગુણનો નિર્મળ પિંડ છે, તેની શ્રદ્ધા અને એકાગ્રતાના જોરે ક્ષણિક વિકારનો નાશ થાય છે. પણ વિકાર મારો છે–એવી વિકારની શ્રદ્ધાથી વિકારનો નાશ થાય નહિ. વિકારનો નાશ કરવા માટે જોર કયાંથી આવશે ? તે જોર પરવસ્તુમાંથી નહિ આવે, વિકારમાંથી નહિ આવે, નિર્મળ અવસ્થાના આધારે પણ તે જોર નહિ આવે, પણ દર્શન–જ્ઞાન–આનંદ વગેરે અનંત ગુણોથી અભેદસ્વરૂપ વસ્તુ છે (–જેમાં પર નહિ, વિકાર નહિ અને વર્તમાન અવસ્થા જેટલો પણ નહિ–એવી વસ્તુ) તેના આધારે જોર આવે છે. એ વસ્તુની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનમાં એવું શું છે કે પહેલાં જ તેની વાત કરી ? તેનું કારણ એ છે કે સમ્યગ્દર્શનનો વિષય આખી વસ્તુ છે, તે વસ્તુના જોરે જ ચારિત્ર પ્રગટે છે. શુદ્ધ નિર્મળ સ્વરૂપની શ્રદ્ધાના જોરે ચારિત્ર પ્રગટે છે અને રાગ–દ્વેષનો નાશ થાય છે; માટે પહેલાં સમ્યગ્દર્શનની વાત કરી છે.

**“મુક્તિનો માર્ગ’’–પૂ. ૫.**

# અજ્ઞાનીની ઊંધી નજરે.....

આત્મા નિર્મળ છે, રાગ–દ્વેષ ક્ષણિક છે, તે આત્માનું સ્વરૂપ નથી, આત્મા પરનું કાંઈ કરી શકે નહિ. –આ વાત સાંભળીને કોઈ કહે કે–અમે તો નજરો નજર જોઈએ છીએ કે આત્મા શરીરનું કરે છે, છતાં કેમ ના પાડો છો ? તો તેને કહીએ છીએ કે ભાઈ ! તેં નજરે શું જોયું ? આત્માને તો તું જાણતો નથી, તો આત્માએ શું કર્યું તેની તને શું ખબર પડી ? શરીર ચાલે છે એટલું નજરે દેખાય છે; પણ શરીર તેના કારણે ચાલે ત્યાં માની બેઠો કે મેં હલાવ્યું. અને પાછો કહે કે નજરે જોયું. એણે ‘વછેરાંનાં ઈંડા’ જેવું નજરે જોયું. કોઈ એમ કહે કે ઈંડું ફાટીને તેમાંથી વછેરાં નીકળતાં મેં નજરે જોયાં, તો તેની વાત પ્રત્યક્ષ ખોટી છે, કેમકે વછેરાંનાં ઈંડા હોય જ નહિ. ઈંડું ફૂટયું અને તે જ વખતે પાસેની ઝાડીમાંથી સસલાનાં બચ્ચાં નીકળીને દોડતાં દીઠાં, ત્યાં અક્કલ વગરનો એમ માની બેઠો કે ઈંડામાંથી વછેરાં નીકળ્યા, અને એ મેં નજરે જોયાં. તેમ શરીરની ક્રિયા તો શરીરના કારણે થાય છે, અને આત્મા તેને જાણે છે. ત્યાં ‘આ શરીરની ક્રિયા મારાથી થઈ–એ નજરે જોયું’ એમ અજ્ઞાની માને છે. પણ ભાઈ રે ! આત્મા પરનું કરી જ શકતો નથી તો તેં એ નજરે જોયું કયાંથી ? તારી જોવાની નજર જ ઊંધી છે. આત્મા પરનું કરી જ શકતો નથી –આ વાત જ્યાંસુધી તારા જ્ઞાનમાં ન બેસે ત્યાંસુધી તે સંબંધી જ્ઞાન મેળવ્યા જ કર. સર્વજ્ઞની વાતમાં ફેર પડે તેમ નથી, માટે જ્યાંસુધી સર્વજ્ઞના કહેવા પ્રમાણે તારા જ્ઞાનમાં ન બેસે ત્યાંસુધી શ્રવણ–મનન કરી જ્ઞાન મેળવ્યા જ કરવું. બાપદાદાના ચોપડામાં લખેલી વાત ન સમજાય તો ત્યાં કહે કે બાપા તો પાકા હોંશિયાર હતા, તેની ભૂલ હોય નહિ, મારી ભૂલ હશે–એમ ત્યાં બાપના ચોપડામાં શંકા કરતો નથી. તેમ પરમપિતા સર્વજ્ઞદેવની ભૂલ હોય નહિ. સર્વજ્ઞ ભગવાનના કહેવા અનુસાર પ્રયોજનભૂત રકમની સમ્યક્શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાન જોઈએ. સમ્યગ્દર્શન–જ્ઞાનપૂર્વક સમ્યક્ચારિત્ર થાય છે, અને ચારિત્ર થતાં કર્મોનો નાશ થાય છે. કર્મોનો નાશ થતાં સર્વે આત્માને પ્રિય એવું સુખ પ્રગટે છે. આ રીતે સમ્યગ્દર્શન એ જ સુખનો મૂળ પાયો છે. સત્સમાગમે તત્ત્વનો યથાર્થ નિર્ણય કરવો તે સમ્યગ્દર્શનનો ઉપાય છે.

**જુઓ, “મુક્તિનો માર્ગ” પૂ. ૭–૮.**

# 卐 ભગવાનની દીક્ષા અને મુનિદશા 卐

**વીર સં. ૨૪૭૬માં રાજકોટ શહેરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ થયો, તેમાં ફાગણ સુદ ૧૦ ના રોજ દીક્ષાકલ્યાણક પ્રસંગે દીક્ષાવનમાં પૂ. ગુરુદેવશ્રીનું ખાસ પ્રવચન.**

આજે ભગવાનના દીક્ષા કલ્યાણકનો મહોત્સવ છે. હું આત્મા અનંત જ્ઞાન-આનંદનો પિંડ શુદ્ધસ્વરૂપી છું, પુણ્ય-પાપના ભાવો વિકાર છે તે મારું સ્વરૂપ નથી, અને શરીરના જડ રજકણોથી હું ત્રિકાળ ભિન્ન છું.-આવું સમ્યક્ આત્મભાન તો ભગવાનને પૂર્વભવોમાં થયું હતું. આત્માનું ભાન થયા પછી જ તીર્થંકર નામકર્મ બંધાય છે. તીર્થંકર ભગવાનનો આત્મા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન લઇને જ માતાના ઉદરમાં આવે છે. ભગવાનને એવું ભાન હતું કે હું ચિદાનંદસ્વરૂપ જ્ઞાતા છું, પુણ્ય-પાપ આસ્રવો અશરણ છે, તે મને શરણભૂત નથી; મારો અનંત શુદ્ધસ્વભાવ જ મને શરણરૂપ છે. પૂર્વ ભવમાં આવું ભાન થયા પછી કંઇક શુભરાગ થયો કે 'હું પૂર્ણ થાઉં, જગતના જીવો ધર્મ પામે.'-એવા શુભરાગથી તીર્થંકર નામકર્મ બંધાયું. તીર્થંકર નામકર્મ બંધાયું તે આત્માના ધર્મનું ફળ નથી પણ રાગનું ફળ છે. રાગ તે વિકાર છે. આત્મસ્વભાવમાં વીતરાગપણે ઠરાતું નથી ત્યારે રાગ થાય છે. એવા રાગના ફળમાં તીર્થંકર નામકર્મ બંધાય છે. ભગવાનનો આત્મા તો સમ્યગ્દૃષ્ટિ હતો. તીર્થંકર નામકર્મની પ્રકૃતિ તો જડ છે અને તે તીર્થંકરનામકર્મના કારણરૂપ જે જીવપરિણામ થયા તેને પણ સમ્યગ્દૃષ્ટિ આદરતા નથી. અંતર્સ્વભાવની દૃષ્ટિથી સ્વરૂપના સહજ આનંદની લહેરમાં વર્તતાં, વચ્ચે રાગના કારણે તીર્થંકરનામકર્મ બંધાઇ જાય છે તેનો ધર્મીને આદર નથી, તેના ઉપર ધર્મીની દૃષ્ટિ નથી.

પંચકલ્યાણકવાળા તીર્થંકરો જે ભવે તીર્થંકરનામકર્મ બાંધે તે જ ભવે મુક્તિ પામતા નથી પણ ત્રીજે ભવે મુક્તિ પામે છે. જે ત્રણ કલ્યાણકવાળા તીર્થંકરો મહાવિદેહ ક્ષેત્રમાં થાય છે તેઓ જે ભવે તીર્થંકરનામકર્મ બાંધે તે જ ભવે મુક્તિ પામે છે. ભગવાને ત્રીજા ભવે તીર્થંકરનામકર્મ બાંધ્યું; અને માતાના પેટમાં આવ્યા ત્યારથી સમ્યગ્દર્શન તેમ જ મતિ-શ્રુત-અવધિ ત્રણ જ્ઞાનહિત હતા. રાગરહિત આત્મસ્વભાવનું ભાન હતું પણ પર્યાયની નબળાઈથી રાગ રહ્યો તેથી અવતાર થયો.

અહીં ચંદ્રપ્રભ ભગવાનના પંચકલ્યાણક થાય છે. ભગવાન ત્રણ જ્ઞાનસહિત કેટલોક કાળ ગૃહસ્થાશ્રમમાં રહ્યા, પછી ભાવના ભાવતા હતા કે-

**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ? ક્યારે થઇશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો...**
**સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને, વિચરશું કવ મહત્પુરુષને પંથ જો....**

ભગવાનને અંતરમાં અપૂર્વ આત્મભાન વર્તે છે, ત્રણ જ્ઞાનના ધણી છે, તે અંતરમાં પરમ નિર્ગ્રંથ વીતરાગી દશાને ધારણ કરવાની ભાવના કરે છે. અહો, મારા સ્વરૂપનું ધ્યાન કરીને કેવળજ્ઞાન પ્રગટ કરું-એવી ભાવના ભગવાન ભાવતા હતા. અંતરમાં આત્માનું ભાન થયા પછી રાગ-દ્વેષ અને પરિગ્રહ હોય ત્યાંસુધી શ્રાવકદશા હોય પણ મુનિદશા ન હોય. મુનિદશા તો અંતરમાં વિશેષ લીનતા દ્વારા રાગ-દ્વેષ ટાળીને બાહ્ય-અભ્યંતર પરિગ્રહરહિત છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતી દશા પ્રગટે-એવી અનાદિ સંતોની દશા છે. અહો, તે દશા કયારે આવે ? એવી ભગવાનની ભાવના હતી. અંતરમાં સ્વરૂપલીનતાના આનંદમાં રાગાદિનો અભાવ તેમ જ બાહ્યમાં વસ્ત્રના એક તાણાનો પણ અભાવ-એવી વીતરાગી મુનિદશા હોય છે. વસ્ત્રનો એક તાણો પણ ગ્રહણ કરવાનું લક્ષ જાય તો તે મુનિદશાને બાધક છે. તેથી એ દશાનું વર્ણન કરતાં કહે છે કે-

**સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી, માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો.**
**અન્ય કારણે અન્ય કશુ કલ્પે નહિ, દેહે પણ કિંચિત્ મૂર્છા નવ હોય જો....**

ચારિત્રદશામાં એવો ઉદાસીન ભાવ પ્રગટયો હોય છે કે માત્ર દેહ સિવાય કોઇ પરિગ્રહ ઉપર લક્ષ જતું નથી. અને દેહ પણ સંયમ હેતુએ તથા મૂર્છારહિતપણે જ હોવાથી તે પરિગ્રહ નથી. ઇન્દ્રોએ જેનો

જન્મોત્સવ કર્યો એવા ભગવાનને પણ અંતરમાં આવી ચારિત્રદશા પ્રગટયા વિના કેવળજ્ઞાન ન થાય, એવો સ્વભાવ છે. અંતરમાં, જેવો રાગરહિત સ્વભાવ છે તેવી રાગદ્વેષરહિત દશા આત્માની થઇ હોય અને બાહ્યમાં, જેવા માતાએ જન્મ્યા તેવી શરીરની દશા સ્વયં થઈ ગઇ હોય–એવો જ મુનિદશામાં નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. અંતરમાં વીતરાગ ભાવ પ્રગટ થયો હોય છતાં બાહ્યમાં વસ્ત્રાદિનો સંબંધ બુદ્ધિપૂર્વક રહે–એમ ત્રણકાળ ત્રણલોકમાં બનતું નથી. ભગવાન એવી પવિત્ર દશાની ભાવના ભાવતા હતા, અને આજ ( –દીક્ષા કલ્યાણકમાં ) એવી દશા અંગીકાર કરી.

પંચમહાવ્રત અંગીકાર કરું–એવો શુભવિકલ્પ ભગવાનને થયો, પરંતુ તે પંચમહાવ્રતના શુભરાગ પ્રત્યે પણ ભગવાનને ઉદાસીનતા વર્તે છે. અહો, આત્મઅનુભવમાં લીનતારૂપ સંયમદશા પ્રગટતાં શરીર સિવાય બીજો પરિગ્રહ હોતો નથી, શરીર પણ મૂર્છા વગર હોય છે,–એવી દશા પ્રગટ કરીને કેવળજ્ઞાન કયારે પ્રગટ કરું ! આવી ભગવાનની ભાવના હતી.

ભગવાનને મુનિ થયા પહેલાં જાતિસ્મરણજ્ઞાન થયું હતું અને વૈરાગ્યભાવના ભાવતા હતા કે અમારા જ્ઞાયકમૂર્તિ આત્માને દ્રષ્ટિમાં–પ્રતીતમાં તો લીધો છે, હવે એ ચિદાનંદ સ્વભાવની ભાવના કરતાં તેની લીનતામાં કયારે વિચરશું ! આવી અંતરભાવના પ્રગટયા વિના મુક્તિ કે મુનિદશા થતી નથી. સંસારમાં ગૃહસ્થપણે રહ્યા રહ્યા કોઇને કેવળજ્ઞાન થઇ જાય કે મુનિદશા પ્રગટે એમ ત્રણકાળ ત્રણલોકમાં બનતું નથી. ગૃહસ્થપણામાં વધુમાં વધુ પાંચમા ગુણસ્થાન સુધીની શ્રાવકદશા હોય શકે છે, ત્યારપછી અંતરસ્વરૂપમાં વિશેષ લીનતા થતાં છઠ્ઠું–સાતમું ગુણસ્થાન પ્રગટે ત્યારે ઘણા રાગ–દ્વેષ છૂટી જાય છે અને બાહ્ય સંયોગો પણ સ્વયં છૂટી જાય છે; આત્મા તેને છોડતો નથી, પરંતુ તે ન છૂટે એમ પણ કદી બનતું નથી.–આવો સહજ માર્ગ છે, આવી સહજ મુનિદશા મોક્ષમાર્ગમાં હોય છે, આ સિવાય બીજી રીતે મુનિદશા હોતી નથી. કોઇ બીજી રીતે માને કે મનાવે તો તે મિથ્યાદ્રષ્ટિ છે. અંતરમાં આત્માની દશામાં સમ્યગ્દર્શન–જ્ઞાનપૂર્વક વીતરાગભાવ પ્રગટયા વિના એકલી બાહ્ય નિર્ગ્રંથતામાં કે પંચમહાવ્રતમાં મુનિદશા નથી. તેમ જ અંદરમાં ભાવનિર્ગ્રંથતા પ્રગટે–એટલે કે સમ્યગ્દર્શન–જ્ઞાનપૂર્વકનો વીતરાગભાવ પ્રગટે અને બાહ્યમાં વસ્ત્રાદિ રહિત નિર્ગ્રંથતા ન થાય–એમ કદી બને નહિ.

આ સંબંધમાં બદામનું દ્રષ્ટાંત આવે છે : જેમ બદામનું ઉપલું છીલકું નીકળી જાય પણ અંદરનું ફોતરું ન નીકળ્યું હોય,–એમ બને. પરંતુ બદામનું અંદરનું ફોતરું નીકળી જાય ત્યાં ઉપલું છીલકું ન નીકળ્યું હોય–એમ કદી બને નહિ. બાહ્ય વસ્ત્રાદિ પરિગ્રહ તે છીલકા સમાન છે, અને અંદરના રાગ–દ્વેષ તે ફોતરાં સમાન છે.

ભગવાનને ઘણા વર્ષ સુધી કર્મના જોરને લીધે ગૃહસ્થપણે રહેવું પડયું–એમ નથી. પણ પોતાની તે પર્યાયની યોગ્યતાથી ભગવાન ગૃહસ્થપણામાં રહ્યા હતા. પછી ભગવાનને વૈરાગ્ય થતાં અનિત્ય, અશરણ વગેરે બાર ભાવના ભાવતા હતા. ખરેખર અનિત્યભાવના કોને કહેવી ? શરીર અનિત્ય છે, રાગ અનિત્ય છે–એવી ભાવના તે તો ક્ષણિક શુભરાગ છે, તે ખરેખર અનિત્ય ભાવના નથી. અનિત્યતાના આશ્રયે ખરી અનિત્યભાવના ન હોય, પણ શરીર અને રાગ અનિત્ય છે, હું તેનાથી ભિન્ન નિત્ય જ્ઞાનાનંદમય છું,–એમ નિત્યાનંદ આત્મસ્વભાવ તરફની દશાપૂર્વક શરીરાદિને અનિત્ય જાણે તેનું નામ અનિત્યભાવના છે. એટલે અનિત્ય વગેરે ભાવનાઓમાં આશ્રય તો નિત્ય જ્ઞાનાનંદ સ્વભાવનો જ છે. જ્ઞાનાનંદ ચૈતન્યજ્યોતિ દીવો નિત્ય બળે છે તેની ભાવના વગર ‘શરીર અનિત્ય છે’ એવી પરલક્ષી ભાવના કરીને, દિગંબર દ્રવ્યલિંગી મુનિ થઇને નવમી ગ્રૈવેયક સુધી જીવ ગયો પરંતુ તેની ભાવનાને સાચી અનિત્યભાવના કહેતા નથી. અંતરમાં આત્માના અનુભવ વગર સાચો ત્યાગ કે સાચી ભાવના હોય નહિ. ભગવાને તો નિત્ય અને શરણભૂત ચૈતન્યસ્વભાવ તરફના વલણપૂર્વક અનિત્ય અશરણ વગેરે ભાવનાઓ ભાવી હતી. જેટલા તીર્થંકરો થાય તે બધાય વૈરાગ્ય વખતે એવી ભાવના ભાવે છે. અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધર ભગવાન તીર્થંકરપણે બિરાજે છે તેમણે પણ દીક્ષા વખતે એવી ભાવના ભાવી હતી. અને આ ચંદ્રપ્રભ ભગવાને પણ એ જ ભાવના ભાવી હતી. એક પણ વિકલ્પનો હું કર્તા નથી, ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ છું –એમ ધ્રુવ નિત્ય સ્વભાવની દ્રષ્ટિ થઈ છે, પછી પુણ્ય–પાપ તે અનિત્ય છે એવી અનિત્યભાવના હોય છે. ધર્માત્માને પંચમહાવ્રત અંગીકાર કરવાનો ને વસ્ત્રાદિ પરનો ત્યાગ કરવાનો વિકલ્પ ઊઠે, પણ અંતરમાં તે વિકલ્પનું કે પરનું સ્વામિત્વ હોતું નથી.

મુનિદશા થતાં સહેજે નિર્ગ્રંથ દિગંબર દશા થઇ જાય છે, મુનિની દશા ત્રણે કાળે નગ્ન દિગંબર હોય છે. આ કોઇ પક્ષ કે વાડો નથી પણ અનાદિ સત્ય વસ્તુ

સ્થિતિ છે. કોઇ કહે કે 'વસ્ત્ર હોય તો શું વાંધો છે? કેમકે વસ્ત્ર તો પરવસ્તુ છે, તે કયાં આત્માને નડે છે?' તેનું **સમાધાન** :- વસ્ત્ર તો પરવસ્તુ છે અને તે કાંઈ આત્માને નડતાં નથી એ વાત તો ખરી છે, વસ્ત્રો નડતાં નથી પરંતુ વસ્ત્રના ગ્રહણની બુદ્ધિ જ મુનિદશાને રોકનાર છે. મુનિઓને અંતરની રમણતા કરતાં કરતાં એટલી ઉદાસીન દશા સહેજે થઇ ગઇ હોય છે. હું-નિત્ય જ્ઞાનાનંદસ્વભાવ જ મને શરણભૂત છું અને શરીરાદિ અશરણ છે-એ પ્રમાણે અનિત્ય, અશરણ વગેરે બાર ભાવનાનું ચિંતવન કરીને પછી ભગવાન વીતરાગી જિનદીક્ષા ધારણ કરે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વિના મોક્ષમાર્ગ પૂરો થતો નથી. રાગરહિત ચિદાનંદ તત્ત્વનું ભાન તે હતું, છતાં અત્યારસુધી રાગમાં રહ્યા, હવે તો ચિદાનંદની મસ્તીમાં લીન થઇશું-એમ ભગવાન સ્વભાવની ભાવના કરતા હતા અને હવે દીક્ષા લઇને રાગ તોડીને આત્માના આનંદની મસ્તીમાં લીન થયા. ચારિત્ર તો આત્માના આનંદમાં ઝૂલતી દશા છે, એ દશામાં દુઃખ નથી પણ અંતરમાં આત્માની અતીન્દ્રિય શાંતિના શેરડા ઊતરે છે. ભગવાનને ચારિત્રદશામાં ઘણાં દુઃખ પડયા એમ મૂઢ જીવો માને છે. અહો, જે વીતરાગી ચારિત્ર દુઃખનો નાશ કરવાનું કારણ છે તે ચારિત્રને મૂઢ જીવો દુઃખદાયક માને છે. ઘણા ઉપવાસાદિ થયા તેમાં ભગવાનને દુઃખ ન હતું કેમકે ચારિત્રદશામાં આત્માના સિદ્ધભગવાન જેવા અતીન્દ્રિય આનંદમાં લીન થતાં આહારની વૃત્તિનો નાશ થઇ જાય છે ને આહાર સ્વયં છૂટી જાય છે, એનું નામ ઉપવાસ છે. આત્માના ભાન વગર લાંઘણ કરી નાંખે તે કાંઈ ઉપવાસ ન કહેવાય. અહો, મુનિદશા કેવી હોય તેનું પણ લોકોને ભાન નથી. ગણધરદેવ જ્યારે નમસ્કાર બોલે ત્યારે સર્વે મુનિઓના ચરણમાં ગણધરના પણ નમસ્કાર પહોંચે છે. णमो लोए सव्व साहूणं એ પદ દ્વારા સર્વે મુનિવરોના ચરણમાં ગણધરદેવના નમસ્કાર પહોંચે છે, તો એ મુનિદશા કેવી હશે? ત્રણ લોકના નાથ મહાવીર ભગવાનના પ્રધાન, સીમંધર ભગવાનના પ્રધાન, અનંત તીર્થંકરોના ધર્મવજીર-એવા ગણધરો જ્યારે શુભરાગ વખતે નમસ્કાર મંત્ર બોલે છે ત્યારે તેમાં સાધુના ચરણમાં પણ નમસ્કાર આવી જાય છે. અહા, ગણધરદેવ જેને નમસ્કાર કરે તે પદ કેવું? ગણધરોમાં બે ઘડીમાં બાર અંગ રચવાની તાકાત છે, તેવી તાકાત ભલે બીજા મુનિઓમાં ન હોય, છતાં ચારિત્રદશા પ્રગટ કરીને જે આત્મામાં લીન થયા એવા આઠ વર્ષની ઉંમરના, બે ઘડી પહેલાં સાધુ થયેલા મુનિઓને પણ ગણધરના નમસ્કાર આવી જાય છે. આઠ વર્ષનો રાજકુમાર હમણાં જ મુનિ થયો હોય. અને ગણધર તો લાખો વર્ષો પહેલાં મુનિ થયા હોય, છતાં કહે છે કે 'નમસ્કાર હો સર્વ સંતમુનિઓના ચરણમાં.' તેમાં આઠ વર્ષના રાજકુમાર સાધુ થયેલા હોય તે પણ આવી જાય છે. ગણધરો કહે છે કે અમારાં નમસ્કાર ઝીલવાની જેનામાં તાકાત પ્રગટી હોય એવા સંતોને અમે સાધુ કહીએ છીએ. એવા સંતોનું ચારિત્ર આનંદમય છે, એવા સંતો દુઃખી નથી. બાહ્ય પ્રતિકૂળ સંયોગ હોય તેનું સંતોને દુઃખ નથી. કેમકે ચૈતન્યમૂર્તિ આત્મા અસ્પર્શી છે, તે પરસંયોગને સ્પર્શતો નથી એટલે તેને સંયોગનું દુઃખ નથી. ધર્માત્માને અંતરસ્વભાવની દ્રષ્ટિથી આત્માના પરમ આનંદનો સ્પર્શ થયો છે,-આનંદનો અનુભવ થયો છે. અને પછી વિશેષ લીનતા થતાં વીતરાગી ચારિત્રદશા પ્રગટી, તેમાં પરમ આનંદની લહેર વધી ગઈ છે. ભગવાન વનમાં એકલા રહ્યા માટે તે દુઃખી હતા – એમ નથી, ભગવાન તો અંતરના ચૈતન્ય-વનમાં આત્માના આનંદની લહેર કરતા હતા. ખરેખર ભગવાન વનમાં રહ્યા ન હતા, ભગવાન શરીરમાં પણ રહ્યા ન હતા, ભગવાન રાગમાં પણ રહ્યા ન હતા, પંચમહાવ્રતના વિકલ્પમાં પણ ભગવાન રહ્યા ન હતા, પરંતુ ભગવાન તો પોતાના આત્મસ્વભાવમાં રહીને, આત્માના આનંદમાં ઝૂલતા હતા.

સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરીને ભગવાને દીક્ષા લીધી, અને દીક્ષા બાદ ભગવાન આત્મધ્યાનમાં લીન થયા, કે તરત જ ચોથું મનઃપર્યયજ્ઞાન પ્રગટ થયું. એવા દીક્ષાકલ્યાણકનો પ્રસંગ અત્યારે થયો, હવે ભગવાનના કેવળજ્ઞાન કલ્યાણકનો પ્રસંગ થશે, તે વખતે, ભગવાને દિવ્યધ્વનિમાં શું ઉપદેશ કર્યો તે કહેવામાં આવશે.

આજે શ્રી ચંદ્રપ્રભ ભગવાન ચારિત્રભાવના કરીને મુનિ થયા. તેમ બધા જીવોએ સમ્યગ્દર્શનસહિત એવી ચારિત્રદશાની ભાવના કરવા જેવી છે.

મુદ્રક :- ચુનીલાલ માણેકચંદ રવાણી, શિષ્ટ સાહિત્ય મુદ્રણાલય : મોટા આંકડિયા : સૌરાષ્ટ્ર તા. ૭-૬-૫૦
પ્રકાશક :- શ્રી જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ વતી જમનાદાસ માણેકચંદ રવાણી, મોટા આંકડિયા : સૌરાષ્ટ્ર